શ્રીઅધ્યાત્મમહાવીર

તથા

શ્રીપર્યુષણ-ક્ષમાપના.

जे एगं जाणइ, से सव्वं जाणइ;
जे सव्वं जाणइ, से एगं जाणइ।

પ્રકાશક—

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

કાપડિયા-ભાવનગર બંદર.

વિ. સં. ૧૯૮૯. વી. સ. ૨૪૫૯ ઇ સ. ૧૯૩૩.

મૂલ્ય ૭ આના.

પદ.

રાગ આશાવરી.

અવધૂ પિયો અનુભવ રસ પ્યાલા, કહત પ્રેમ મતિવાલા–આંકણી.

અંતર સપ્ત ધાત રસ ભેદી, પરમ પ્રેમ ઉપજાવે;
પૂરવ ભાવ અવસ્થા પલટી, અજબ રૂપ દરસાવે–અવધૂ૦ ૧.

નખ શિખ રહત ખુમારી જાકી, સજલ સઘન ઘન જૈસી;
જિને એ પ્યાલા પિયા તિનકું, ઔર કેફ રતિ કૈસી–અવધૂ૦ ૨.

અમૃત હોય હલાહલ જાકું, રોગ શોક નવિ વ્યાપે;
રહત સદા ગરકાવ નસામેં, બંધન મમતા કાપે–અવધૂ૦ ૩.

સત્ય સંતોષ હીયામેં ધારે, આતમ કાજ સુધારે;
દીનભાવ હિરદે નહીં આણે, અપનો બિરુદ સંભારે–અવધૂ૦ ૪.

ભાવદયા રણથંભ રોપકે, અનહદ તૂર બજાવે;
ચિદાનંદ અતુલિબળ રાજા, જીત અરિ ઘર આવે–અવધૂ૦ ૫.

મુદ્રકઃ શેઠ દેવચંદ દામજી, આનંદ પ્રેસ–ભાવનગર.



॥ ૐ ॥

શ્રીઅધ્યાત્મમહાવીર.

—: મૂળ લેખક :—

ગાંધી ગોકુલદાસ નાનજી.

—: સંપ્રયોજક :—

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.
કાપડિયા-ભાવનગરબંદર.

પદ.

રાગ–કાશી તથા વેલાઉલ.

આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમશું લય લાવે–આતમ૦

સુણકે શબ્દ કીટ ભ્રંગીકો, નિજ તન મનકી શુદ્ધ બિસરાવે;
દેખહુ પ્રગટ ધ્યાનકી મહિમા, સોઇ કીટ ભૃંગી હો જાવે–૧.

કુસુમ સંગ તિલ તેલ દેખ પુનિ, હોય સુગંધ ફૂલેલ કહાવે;
શુકિત ગર્ભગત સ્વાતિ ઉદય હોય, મુકતાફળ અતિ દામ ધરાવે–૨.

પુન પિચુમંદ પલાશાદિકમેં, ચંદનતા જ્યું સુગંધથી આવે;
ગંગામેં જળ આણુ આણુકે, ગંગોદકકી મહિમા ભાવે–૩

પારસકો પરસંગ પાય પુનિ, લોહા કનક સ્વરૂપ લિખાવે;
ધ્યાતા ધ્યાન ધરંત ચિત્તમેં ઇમ, ધ્યેયરૂપમેં જાય સમાવે–૪.

ભજ સમતા મમતાકું તજ જન, શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે;
ચિદાનંદ ચિત્ત પ્રેમ મગન ભયા, દુવિધા ભાવ સકલ મિટ જાવે ૫.

નિવેદન.

એકદા પૂજ્ય વડીલબન્ધુ પંડિતશ્રી લાલનસાહેબે મારૂં આંગણું પાવન કર્યું. તે સમયે તેમની પાસે આ 'શ્રી અધ્યાત્મ મહાવીર' લેખ જોયો, વાંચ્યો અને તે પસંદ પડયો. પંડિતજી પાસે તે લેખ છપાવવાની માગણી કરી. તેઓશ્રીનો પ્રત્યુત્તર મળ્યા કે ભાઇશ્રી ગોકુલદાસ નાનજી ગાંધીએ તે લેખ છપાવવાની મૌખિક સમ્મત્તિ રાજકોટમાં આપી છે, માટે તમે તે લેખ છપાવશો. ત્યારબાદ તે લેખ ફરીથી વાંચ્યો વાંચતા દરેક પ્રસંગને શાસ્ત્રોના આધાર આપી રંગ પૂરવાની ઇચ્છા થઈ, જેથી દરેક પ્રસંગ સત્ય, પ્રિય, પથ્ય અને ગ્રાહ્ય બને. લેખને રુચિકર બનાવવા યથાશક્તિ પ્રયાસ કર્યો છે. આને અંગે જૈન–જૈનેતર શાસ્ત્રો અને ગ્રંથો જોઇ જે જે પ્રસગે જે જે રગ યોગ્ય લાગ્યા તે તે પૂરી આ લેખની વસ્તુને મલાવી લેખ લગભગ બમણો કરેલ છે.

આ લેખ–પ્રસિદ્ધિનુ માન તો શ્રીયુત ગોકુલદાસ નાનજી ગાંધીને જ ઘટે છે, કેમકે આધ્યાત્મિક અર્થપદ્ધત્તિરૂપ આ લેખ સૂક્ષ્મબુદ્ધિદ્વારા તેમણે દોરેલ છે. મેં તો તેમાં મારી અલ્પમતિ અનુસાર રંગ માત્ર પૂર્યા છે.

મને આનંદની વાત એટલી તો છે કે મારા આ રંગોમાંથી શ્રીમાન્ હેમચંદભાઇ રામજીભાઈ (ભાવનગર સ્ટેટ રેલ્વેના આસિસ્ટન્ટ મેનેજર સાહેબ અને નવમ સ્થાનકવાસી જૈન અધિવેશનના અધ્યક્ષ) સાહેબે 'જૈન પ્રકાશ' પત્રમા 'જડીબુટ્ટી' શીર્ષક નીચે પોતાને પસંદ પડેલા રંગોને પ્રસિદ્ધિ આપી છે; અને તે વાચક–સમાજને પસંદ પડયાનું પણ મારા જાણવામાં આવેલ છે.

આ લેખને પુનઃ પ્રકટ કરવાને શ્રીયુત ગોકુલદાસ નાનજી ગાંધી અને શ્રીયુત પંડિતજી લાલન સાહેબે સમ્મતિ આપી છે તે માટે તે બન્ને મિત્રોનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું.

વળી એક વિદ્વાન મિત્રની સલાહ મુજબ એક-બે અર્થ પદ્ધતિમાં ફેરફાર કર્યો છે અને તે સૂચન માટે તેમનો આભારી છું.

અહીં એક ખુલાસો જાહેર કરવા ઇચ્છું છું કે આ અનુભવપૂર્ણ વાણીનું સમગ્ર રહસ્ય હું પામેલ છું અને તે વાચકોને આપવાને તૈયાર થયો છું એવું મનાવવાને હું જરાપણ ધાર્ષ્ટ્ય કરતો નથી. સ્વર્ગસ્થ સાક્ષર કવિશ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરીએ એક પદમાં કહેલું છે કેઃ—

કોઇ સંત વિરલે જાણ્યું, ભાઇ એ વાતું છે ઝીણિયું;

× × ×

જ્ઞાની ઝઘડે ગોથા ખાતાં, સુખે શિવપદ સાધિયું-કોઇ૦

એ રહસ્ય આત્મજ્ઞાની જ અનુભવી શકે છે અને સર્વ હૃદયને લેખન કે વ્યાખ્યાનથી આત્મજ્ઞાની બનાવી શકવાનું સંભવતું નથી; તથાપિ આ ઉપક્રમ કરવાનું મુખ્ય પ્રયોજન એટલું જ છે કે આ લેખ વાંચી તેના કોઇ મધુર સત્ત્વનો આસ્વાદ કરી કોઈ એકાદ વાચક પણ પરમાત્મદ્રષ્ટિ પામશે

આ આશા રાખીને અને એ દ્રષ્ટિ વધારે ચોખ્ખી કરવાના સાધનરૂપે આ ટૂંક લેખ પ્રકટ કરવા પ્રેરાયો છું.

વળી આ પુસ્તકની પૂર્ણતા અર્થે સદ્‌ગત પરમ કૃપાળુ **શ્રીમદ્ રાજચંદ્ર**ના આ વિષયને પુષ્ટિકારક પત્રો અને કાવ્યો દાખલ કર્યાં છે. તે માટે 'શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ' નો આભારી છું.

રંગો પૂરવામાં મારી ભૂલો લાગે તો લેખન-કળાના નિષ્ણાતો મને માફ કરશે અને વાચકને, જે પથ્ય લાગે તેનો આસ્વાદ કરી સ્વાત્માને ઉન્નત કરવાને તત્પર થવા વિનતિ કરી વિરમું છું

અક્ષયતૃતીયા
વિ સં ૧૯૮૯
અમદાવાદ.

મંગલેચ્છુક સેવક,

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ

આમુખ.

ભક્તિને મોરચે ભડ કોક આંગમે;
રણસંગ્રામે પદ કોક રોપે.

ભોજો ભગત.

આ નાના લેખને પ્રસ્તાવના શાની હોય ? પણ આ લેખ રૂપક-પૂર્ણ હોઇને બે શબ્દો કહેવાની જરૂર છે, અને તે સાક્ષરરત્ન શ્રીઆનન્દશંકર બાપુભાઇ ધ્રુવના શબ્દોમાં જ કહું.

આ પ્રકારની આધ્યાત્મિક અર્થપદ્ધતિ કપોલકલ્પિત છે એમ કોઈ કહેશે પરન્તુ એમ કહેનારને એટલુ ધ્યાનમા લેવા વિનતિ છે કે–નિરુક્તકાર યાસ્કમુનિની પણ અગાઉ એ અર્થપદ્ધતિ પ્રચલિત હતી. છેક બ્રાહ્મણ, ઉપનિષદ્, મહાભારત, ભગવદ્ગીતા વગેરે ગ્રંથોમા પણ એ મળે છે પુરાણોમા 'દેવાસુર–સંગ્રામ' એ મુખ્ય વર્ણનનો વિષય છે, તેમા દેવ અને અસુર એ આપણી શુભ અને અશુભ વૃત્તિઓના રૂપક છે એ તો સર્વવિદિત છે, પણ એ દેવાસુર–સગ્રામની વિશેષ હકીકતમા ઊતરતા કેટલોક વધારે ઝીણો બોધ મળી શકે છે, જે વિચારવા જેવો છે. વૃત્ર અને ઇન્દ્ર વચ્ચેનું યુદ્ધ એ આવરણરૂપ અજ્ઞાન અને જીવાત્મા વચ્ચેનુ યુદ્ધ છે. સ્વાર્થત્યાગ (દધીચઋષિ) વિના પાપ (વૃત્ર)નો નાશ સંભવતો નથી, એટલુ જ નહિ પણ વિશેષમા, ઇદ્ર (જીવાત્મા–સ્યન્દ્, ઇન્દ્ ઉપરથી, જેના ઉપરથી વળી 'ઇન્દ્રિય' શબ્દ પણ થયો છે) 'વિષ્ણુ' (પરમાત્મા વિશ્ ધાતુ ઉપરથી) ના સામર્થ્ય થકી જ 'વૃત્ર દૈત્ય' (દો–ખંડ–કકડો કરવો, અને વૃ–આચ્છાદન કરવું ઉપરથી ખંડ–દ્વૈતબુદ્ધિ–જન્ય આવરણરૂપ અજ્ઞાન પાપવૃત્ત) નો સંહાર કરવા શક્તિમાન થાય છે. કારણ સ્પષ્ટ છે. આત્મામા કંઇ પણ બ્રહ્મભાવ પ્રકટે ત્યારે જ એ અજ્ઞાન–પાપ–ઉપર જય મેળવી શકે છે

મહાભારતની કથા પણ આ યુદ્ધનું રૂપક છે. 'ધૃતરાષ્ટ્ર'રૂપ અન્ધ અજ્ઞાન આપણા આત્માનુ 'રાષ્ટ્ર' (રાજ્ય) 'ધારી' (પકડી) બેઠેલો છે; પરંતુ એ એકલો કાઇ પણ કરવા સમર્થ નથી. 'દુર્યોધન' એ અજ્ઞાન-જન્ય પ્રબળ પાપાત્મકભાવ છે અને એ 'આસુરી સંપત્' નો રાજા છે. જેમ એક પાસ 'ભીમ' રૂપ અતુલ બળવાળો આત્મા એને 'સુયોધન' નામે સબોધે એ ઉચિત છે, તેમ બીજી પાસ વિશ્વના અસંખ્ય જીવોને તો એની સાથે યુદ્ધ કરવું અતીવ કઠિન હોઇ એનુ નામ 'દુર્યોધન' પડે એ પણ યોગ્ય જ છે વળી અત્રે એ સમજવા જેવુ છે કે કેવલ 'દુર્યોધન' રૂપ પાપ, એ 'યુધિષ્ઠિર' રૂપ આત્માની સ્થિર ધર્મબુદ્ધિ, 'અર્જુન' રૂપ ઉજ્જવલ ગુણ, 'ભીમ' રૂપ પ્રૌઢ બલ અને 'સહદેવ-નકુલ' રૂપ કૌશલ્ય સામે ક્ષણવાર પણ ટકી શકવા અશકત છે. સ્હામા યુદ્ધમા ઊતરવા માટે એને મૂળ દૈવી પ્રકૃતિવાળા પણ પોતાને ભૂલી બેઠેલા નિમકહલાલી વા અતિ દયાથી દોરાયેલ એવા એવા કર્ણ-દ્રોણ-ભીષ્માદિકની જરૂર પડે છે તાત્પર્ય કે પાપ પણ સદ્વૃત્તિની મદદ લઇને જ પોતાનુ થોડુ ઘણુ પણ કામ કરી શકે છે આપણી આસપાસ તેમજ આપણા અન્તર તરફ નજર ફેરવતા જણાય છે કે અનેક દુરાચાર સદાચારને બ્હાને યા સદાચારની સાથે ભળીને પ્રવર્તે છે, પણ આખરે કૃષ્ણ મહારાજની સાહાય્યથી શુભ વૃત્તિઓ અશુભ વૃત્તિઓ ઉપર જય મેળવે છે અને આ રીતે મહાભારતનુ યુદ્ધ સત્પક્ષના વિજયમા પર્યવસાન પામે છે આવા આવા અસખ્ય રહસ્યો પાડવ-કૌરવના યુદ્ધરૂપે આ મહાન્ ગ્રથમાથી સ્ફુરી આવે છે

શ્રીમદ્ ભગવદ્ગીતામા પણ સ્પષ્ટ એ જ ઉપદેશ છે આ જાતની કૂંચી (working hypothesis) થી ઘણા તાળા ઉઘડી જાય છે-ઘણી અસ્વાભાવિક લાગતી વાતો સ્વાભાવિક થઇ જાય છે. આ રીતે આધ્યાત્મિક સત્યો પ્રતિપાદન કરવાની રીત અત્યારે ચાલતી પ્રાશ્ચાત્ય કેળવણીની અસરમા આપણને ગમે તેટલી વિચિત્ર લાગે, પણ એટલું સ્મરણમા રાખવાનું છે કે પ્રાચીનકાળમા એ સર્વત્ર રૂઢ હતી એમ

જગતના પ્રાચીન શાસ્ત્રો અને ગ્રંથો જોતા જણાય છે. ક્રિશ્ચિયન થિઓસોફીના અભ્યાસકો પણ સાક્ષી પૂરી શકશે કે આ પદ્ધતિનો એમા સારી પેઠે ઉપયોગ થયો છે અને થાય છે, અને તે સ્વીડનબોર્ગ જેવાના પંથમા જ નહિ પણ ઇંગ્લાડના 'સ્ટેટ ચર્ચ' (રાજ્યે માનેલા સપ્રદાયે) તથા ટેનિસન વગેરે કવિઓએ પણ સ્વીકારી છે. શેકસપીઅરના નાટકોની ખરી મહત્તા પણ આ પદ્ધતિને અનુસરતા જ સમજાય છે. સર્વને સુવિદિત છે કે એના પાત્રો એ સ્ત્રી–પુરુષ જ નથી પણ મૂર્ત્તિમન્ત ભાવો છે. એના નાટકો એ સ્થૂલ વ્યવહારનુ વર્ણન નથી, પણ આધ્યાત્મિક સત્યોનું પ્રત્યક્ષીકરણ છે અને એ જ રીતે મહાભારત, પુરાણો વગેરેનું પણ છે

જરૂર માત્ર એટલી જ છે કે જેટલા માન, પ્રેમ અને આદરપૂર્વક પશ્ચિમ પ્રજાઓમા શેકસપીઅરનો અભ્યાસ થાય છે તેટલા જ માન, પ્રેમ અને આદરપૂર્વક આનો અભ્યાસ થવો જોઇએ.

અત્રે એટલુ ઉમેરવુ જોઇએ કે જ્યા ત્યા શ્લેષ કલ્પી એ અર્થ કાઢવા એમ કહેવુ નથી. એ રીતે તો બહુધા કપોલકલ્પના જ ઉપજવા સભવ છે: પણ ગ્રંથકર્તાના ભાવમા તન્મય થઇ ઊંડા ઊતરી જતા, કોઇક એવો અપૂર્વ પ્રકાશ સર્વત્ર વ્યાપી રહેલો ઉપલબ્ધ થાય છે કે જેણે કરી સ્થૂલદ્રષ્ટિને અગમ્ય એવા નિગૂઢ ભાવો હસ્તામલકવત્ પ્રત્યક્ષ દેખાય છે. આ પ્રકાશ પ્રાપ્ત કરવો એટલું જ અત્રે વક્તવ્ય છે.

આ વિષયના સમર્થનમા આથી વિશેષ શું કહેવાનું હોય? વાચક આ લેખ વાંચી શ્રી વીર પ્રભુ પ્રત્યે વિશેષ ભક્તિ તેમજ પૂજ્યભાવ રાખી, આત્મ વિકાસને માર્ગે ચાલે અને તે દિવ્ય પ્રકાશના દર્શનદ્વારા મોક્ષના શાશ્વત સુખ પામે એવી ભાવના ભાવી વિરમુ છું.

વસંતપંચમી
વિ. સં. ૧૯૮૯.

જૈન સઘસેવક —
ભાયાણી હરિલાલ જીવરાજભાઇ.

આધારભૂત ગ્રન્થ–સૂચિ.

શ્રીઆચારાંગસૂત્ર ...	... શ્રી જૈન આગમોદય સમિતિ.
શ્રીઉત્તરાધ્યયનસૂત્ર...	... શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
શ્રીમદ્ રાજચંદ્ર ...	... શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ
શ્રીજ્ઞાનાર્ણવ. ...	... ,,
શ્રી નાટક–સમયસાર.	... શ્રી જૈન ગ્રન્થ રત્નાકર કાર્યાલય.
શ્રી આનંદઘન ચોવીશી.	... શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
શ્રી અધ્યાત્મસાર. ...	... ,,
શ્રીયોગસાર[સ્વાનુભવદર્પણ]	શ્રીયુત પંડિત શ્રીલાલનસાહેબ.
શ્રી યોગપ્રદીપ. .	... મુનિ શ્રીજિતમુનિજી.
શ્રી ચિદાનંદ બહોંતેરી	... શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
શ્રી આનંદઘન પદ રત્નાવળી.	,,
શ્રી જૈન કાવ્યપ્રવેશ.	... શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ
યોગશાસ્ત્ર ભાષાંતર.	... સ્વ આચાર્ય શ્રીકેશરવિજયસૂરિ.
જ્ઞાનસાર	... શાહ હરજીવન દીપચંદ.
યોગવાસિષ્ઠ. ..	... શ્રી ગુજરાતી પ્રેસ
આપણો ધર્મ ...	.. શ્રીયુત આનંદશંકર બાપુભાઇ ધ્રુવ.
પાતંજલ–યોગદર્શન	.. પ્રો૦ જેઠીશનદાસ કણિયા
યૌગિક–સાધન. ..	... શ્રી અરવિંદઘોષ
ભર્તૃહરીશતક ચતુષ્ટય.	... શ્રી ગુજરાતી પ્રેસ.
ધમ્મપદ	... શ્રી ગુજરાત વિદ્યાપીઠ.
ચન્દ્રકાન્ત ભા. ૩ જો.	... શ્રી ગુજરાતી પ્રેસ.

આ ગ્રંથોની લીધેલ મદદ માટે તેમના કર્ત્તાઓનો તથા પ્રકાશકોનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું.

રાજકોટ ચૈત્ર શુદિ ૯. ૧૯૫૭.

અંતિમ સંદેશો.

પરમાર્થમાર્ગ અથવા શુદ્ધ આત્મપદ પ્રકાશ.

ૐ શ્રી જિનપરમાત્મને નમઃ

(૧) ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧.

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર,
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨.

જિનપદ નિજપદ એકયતા, ભેદભાવ નહીં કાંઇ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઇ. ૩.

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રીસદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪.

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિઅતિ, સંયમ યોગ ઘટિત. ૫.

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુવડે, જિન દર્શન અનુયોગ ૬.

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલ્લસી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭.

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮.

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯.

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય ૧૦.

નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ ૧૧.

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧.

ઉપજે મોહવિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતા નહીં વાર. ૨.

(૩) સુખધામ અનંત સુસંત ચહીં, દિનરાત્ર રહે તદ્ ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધ મય જે, પ્રણમું પદ તે વર્તે જય તે. ૧.

શ્રીમદ્ રાજચંદ્ર

ૐ

પ્રાણીમાત્રનો રક્ષક, બાંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે.



મુંબઈ. માહ શુદ ૪ રવિ ૧૯૫૨

ॐ सद्गुरुप्रसाद.

જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થમૂળ હોય છે, તો પણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે.

સર્વ દુ:ખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે, તે જ્ઞાની પુરુષના વચન સાચાં છે, અત્યંત સાચાં છે.

જ્યાં સુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાંસુધી આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમા સંશય નથી.

તે આત્મજ્ઞાન થતાં સુધી જીવે મૂર્ત્તિમાન આત્મજ્ઞાન સ્વરૂપ એવા સદ્ગુરુ દેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે, એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે આશ્રય-ભાવના નિત્ય કર્તવ્ય છે.

સર્વ કાર્યમાં કર્ત્તવ્ય માત્ર આત્માર્થ છે, એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવોએ કરવા યોગ્ય છે.

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપ-યોગ કરવો એવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઇએ

શ્રીમદ્ રાજચંદ્ર

વનક્ષેત્ર દ્વિ૦ આશ્વિન શુ. ૧. ૧૯૫૪.

ૐ નમઃ

સર્વ વિકલ્પનો, તર્કનો ત્યાગ કરીને

મનનો વચનનો કાયાનો ઇંદ્રિયનો આહારનો નિદ્રાનો	જય કરીને

નિર્વિકલ્પપણે અંતર્મુખવૃત્તિ કરી આત્મધ્યાન કરવું.

માત્ર અનાબાધ અનુભવ સ્વરૂપમા લીનતા થવા દેવી, બીજી ચિંતવના ન કરવી.

જે જે તર્કાદિ ઊઠે તે નહીં લંબાવતાં ઉપશમાવી દેવા

શ્રીમદ્ રાજચંદ્ર.

ૐ

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સત્શ્રુત અને સત્સમાગમ.

પ્રત્યક્ષ સત્પુરુષોનો સમાગમ કવચિત્ કવચિત્ જીવને પ્રાપ્ત થાય છે પણ જો જીવ સદ્દષ્ટિવાન હોય તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે, કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટતપણું છે. જીવને તેવો સમાગમ યોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે.

તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેના સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે એવાં શાસ્ત્રના પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

ૐ

(૧) સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્ત્તવ્ય છે.

(૨) મળ, વિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘ કાળ પરિચિત છે; પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઇ શકે એમ છે.

(૩) મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે.

(૨)

(૧) આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય એમાં આશ્ચર્ય લાગતું નથી.

(૨) સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઇ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્ત્તતું નથી એમાં કિંચિત્ માત્ર સંશય નથી.

(૩) આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે. આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર અસમાધિ કહે છે.

આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે.

આત્મપરિણામની કંઇ પણ ચપળ પ્રવૃત્તિ થવી તેને શ્રી તીર્થંકર કર્મ કહે છે.

(૪) આત્માના અંતર્ વ્યાપાર (શુભાશુભ પરિણામ-ધારા) પ્રમાણે બંધમોક્ષની વ્યવસ્થા છે.

મુંબઈ, કાર્ત્તિક વદ ૧૧ મંગળ. ૧૯૫૬.

(૧)

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતિતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે

(૨)

દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઇ જાય છે.
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

(૩)

જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ,
કારણ તેનાં બે કહ્યાં, રાગ-દ્વેષ અણહેતુ.

(૪)

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ

॥ नमामि वीरं गिरिसारधीरं ॥

શ્રી અધ્યાત્મ મહાવીર.

સમ્યગ્દૃષ્ટિયોને યુધિષ્ઠિર રાજાની પેઠે સર્વત્ર સમ્યક્ જણાય છે અને મિથ્યાદૃષ્ટિયોને દુર્યોધનની પેઠે સર્વત્ર મિથ્યા જણાય છે–આ દૃષ્ટિનો તફાવત છે; સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુત એ માત્ર દૃષ્ટિના ભેદો જ છે. પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કેઃ—

*ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વના;
શ્રીનંદિસૂત્રે ભાખિયાં છે, ભેદ જ્યાં સિદ્ધાન્તના,
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં એજ ઠેકાણે ઠરો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

---

* ચાર વેદ, અઢાર પુરાણ આદિના જેણે વર્ણન કર્યા છે તેણે અજ્ઞાનથી, સ્વચ્છંદથી, મિથ્યાત્વથી, સંશયથી કર્યા છે એમ કહ્યુ છે આ વચનો બહુ જ ભારે નાખ્યા છે. ત્યા આગળ ઘણો જ વિચાર કરી પાછું વર્ણન કર્યું છે કે અન્ય દર્શનો–વેદાદિ–ના ગ્રંથો છે તે જો સમ્યગ્દષ્ટિ જીવ વાંચે તો સમ્યક્ રીતે પરિણમે, જિનના અથવા ગમે તેવા ગ્રંથો મિથ્યાદષ્ટિ વાંચે તો મિથ્યાત્વરૂપે પરિણમે.

શ્રીમદ્ રાજચંદ્ર

'દ્રષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી'

ઐતિહાસિક દૃષ્ટિએ શ્રીમહાવીર પ્રભુને થઇ ગયાને આજે ૨૪૫૯ વર્ષ થયાં છે. એ મહાવીર પ્રભુનું આધ્યાત્મિક દૃષ્ટિએ અવલોકન કરતા સ્પષ્ટ સમજાય છે કે +વિશુદ્ધાત્મા એ જ મહાવીર પ્રભુ છે.

રાજગૃહરૂપ આ દેહ છે. રાજ એટલે રાજા-આત્મા અને ગૃહ એટલે ઘર. આત્માનું ઘર તે દેહ અર્થાત્ રાજગૃહ એટલે દેહ આ રાજગૃહરૂપ દેહમાં ગુણશીલરૂપ બગીચો બને તો તેમાં જરૂર શ્રીમહાવીર સમવસરવારૂપ આત્માનો સાક્ષાત્કાર થાય વળી આ દેહમાં ક્રિયાવૃત્તિરૂપ દેવાનંદા અને જ્ઞાનવૃત્તિરૂપ ત્રિશલા, માયારૂપ વ્યંતરી, રાગ-દ્વેષના સમાગમરૂપ સંગમ, ઇંદ્રિય-વિષયના વિકારોરૂપ ગોવાળિયા. દેહદૃષ્ટિરૂપ ગોશાલક, સંસાર સર્પરૂપ ચંડકૌશિક નાગ, ઉચ્ચ ભાવનારૂપ ચંદનબાલા, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ ચારિત્રરૂપ ત્રિગઢ, આત્માના અખંડ અનુભવરૂપ કેવલજ્ઞાન, અજ્ઞાન કષ્ટરૂપ વૈશ્યાયન, પ્રશસ્ત રાગરૂપ ગૌતમસ્વામી, માનરૂપ સુદષ્ટ, ક્રોધરૂપ તેજોલેશ્યા, શાન્તિરૂપ શીતલેશ્યા, શલ્યરૂપ શૂલપાણી યક્ષ વગેરે સર્વ આ દેહમાં છે; તેમજ મહાવીર એટલે મહા શૂરવીર. તેમને હમેશાં યશ મળે છે એ જ યશોદા છે; વળી મહાવીર પ્રિય-ઇષ્ટના દર્શન મેળવી શકે છે એ જ પ્રિયદર્શના છે.

મનુષ્યમાં રાજસવૃત્તિ છે એ જ દેવવૃત્તિ છે કે દેવપણુ છે. રાજસ મનુષ્ય તે દેવ છે* રાજસ ગુણવડે મુક્તિ મેળવી શકાતી

+ જિનવર અને શુદ્ધાત્મમા કિંચિત્ ભેદ ન જાણો.-**શ્રી યોગીંદ્રદેવ.**

* અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે તેટલો જીવથી મોક્ષ દૂર છે.
શ્રીમદ્ રાજચંદ્ર.

નથી, માટે જ કહેલું છે કે ×દેવતાઓ મોક્ષ મેળવી શકે નહિ. મોક્ષની ઇચ્છા રાખનારે રાજસવૃત્તિ એટલે કે દેવવૃત્તિનો ત્યાગ કરીને સાત્ત્વિકવૃત્તિ અર્થાત્ મનુષ્યવૃત્તિમાં આવવું જોઇએ. સાત્ત્વિકવૃત્તિવાળાઓ જ મોક્ષ મેળવી શકે છે. શ્રીયોગપ્રદીપમાં કહ્યું છે કે:—

सत्त्वं सर्वगुणाधारं, सत्त्वं धर्मधुरंधरं।
संसारनाशनं सत्त्वं, सत्त्वं स्वर्गापवर्गदं॥

અર્થ:—સત્ત્વગુણ સર્વ ગુણોનો આધારભૂત છે, ધર્મની સત્ય ધુર ને ઉઠાવનાર તો એક સત્ત્વગુણ જ છે, સંસાર-બંદીખાનાથી છોડાવનાર એક સત્ત્વગુણ જ છે અને સત્ત્વગુણ જ સ્વર્ગ તેમજ મોક્ષ આપનાર છે.

માટે જ શાસ્ત્રકારો ફરમાવી ગયા છે કે *મનુષ્યભવ સિવાય મોક્ષ મળતો નથી. તેના સમર્થનમાં શ્રીચિદાનંદજી મહારાજે કહ્યું છે કે—

ચેતન ! ચાર ગતિમાં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના સુર પણ યાકી, જિસકું અનર્ગળ માયા રે-પૂરવ૦

અનંત બલવાન હોય તે જ મોક્ષ મેળવી શકે છે, બલહીનનો મોક્ષ થતો જ નથી. અનંતબલ તે આત્મિકબલ છે. એ આત્મિકબલનો મન અને શરીર સાથે નિકટનો સંબંધ હોવાથી જે આત્માના યથાર્થ બલને જાણે છે તેના મન અને શરીર પણ બલવાન હોય છે. તીર્થંકરોના આત્મામાં અનંતબલ હોય છે માટે તેમના શરીરમાં પણ અનંતબલ હોય છે જેનું શરીર

× હે ગૌતમ ! દેવો ચ્યવીને બે ગતિમાં જાય -મનુષ્ય અને તિર્યંચ.
શ્રીજીવાભિગમસૂત્ર તથા બૃહત્સંગ્રહણી ગાથા-૨૪૬.

* હે ગૌતમ ! મનુષ્ય મરીને પાંચ ગતિમાં જાય.-નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને પાંચમી ગતિ તે મોક્ષ ગતિ જાણવી
શ્રીજીવાભિગમસૂત્ર તથા બૃહત્સંગ્રહણી ગાથા-૪૦૨.

નિર્બળ હોય, મન નિર્માલ્ય હોય તેવો કોઇ પણ આત્માના અનંતબલનો અનુભવ કરી શકે નહિ. આધ્યાત્મિક વિકાસ સાથે *શારીરિક અને માનસિક ખીલવણી અવશ્ય થવીજ જોઇએ.

મહાવીર એટલે મહા બલવાન કે મહાન્ પરાક્રમી આત્મા. †અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય અને ઉપયોગ એ આત્માના સ્વાભાવિક ગુણો છે. આત્મા અનંત બલવાન હોવાથી આત્માને મહાવીર કહેવામાં આવે છે સિદ્ધ સ્થાનથી માંડી નિગોદના જીવ સુધીના સર્વ આત્માઓ સરખા છે તેથી સર્વનો આત્મા એ જ મહાવીર છે. એ આત્મારૂપ મહાવીરનો સાક્ષાત્કાર કરવા માટે સાધક મુમુક્ષુએ રાજસવૃત્તિ-વૈભવવૃત્તિરૂપ દેવલોકમાંથી સાત્ત્વિકવૃત્તિરૂપ મનુષ્યલોકમાં આવવું જોઇએ. શ્રીયોગપ્રદીપમાં કહ્યુ છે કે:—

सत्त्वं रजस्तमश्चेति, शरीरांतर्गुणत्रयं ।
रजस्तमश्च संत्यज्य, सत्त्वमेकं समाश्रयेत् ॥

અર્થ:—આ શરીરમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ-આ ત્રણ ગુણો રહેલા છે. રજોગુણ અને તમોગુણને ત્યાગી એક સત્ત્વગુણનો જ આશ્રય કરવો જોઇએ.

જ્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર ન થાય ત્યા સુધી રાજસવૃત્તિ અને સાત્ત્વિક વૃત્તિ એ માત્ર બહિર્દષ્ટિનો વિષય હોય છે. જ્યારે રાજસવૃત્તિવાળા કોઈ ભવ્ય આત્માને આત્માનો

* પ્રથમ શકિતને કેળવો, શક્તિદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરો, જ્ઞાનદ્વારા ચિત્તને શુદ્ધ કરો, પ્રાણને સંયમમા લાવો અને મનને શાન્ત-નિ:સ્પંદ કરો.
યૌગિક સાધન-શ્રીઅરવિંદ ઘોષ.

† नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरिअं उवओगो अ, एअं जीवस्स लक्खणं ॥
श्रीउत्तराध्ययनसूत्र.

અખંડ અનુભવ મેળવવાની કે મહાવીર થવાની ઇચ્છા થાય છે ત્યારે તે રાજસવૃત્તિમાંથી પાછો હઠે છે અને બહિર્વૃત્તિએ વિચાર કરે છે બહિર્વૃત્તિએ વિચારના સ્થાનમાં જવું એ જ માહણપુર-બ્રાહ્મણપુરમાં મહાવીરનો ગર્ભ જાણવો. આ બહિર્વૃત્તિએ આત્માના સાક્ષાત્કાર માટે વિચાર કરતાં કરતાં સદનુષ્ઠાન કરવાને મન પ્રેરાય છે. અનુષ્ઠાન એટલે ક્રિયા; અને ક્રિયા કરવામા આગ્રહની ખાસ જરૂર હોય છે જ; માટે ક્રિયારૂપ દેવાનંદા એ પત્ની છે અને આગ્રહરૂપ ઋષભદત્ત એ પતિ છે રાજસવૃત્તિરૂપ દેવ ભવમાથી પાછા વળ્યા પછીની મુમુક્ષુની પહેલી સ્થિતિ બહિર્વૃત્તિરૂપ માહણપુરમા આગ્રહરૂપ ઋષભદત્તની પત્ની ક્રિયાવૃત્તિરૂપ દેવાનંદામા હોય છે ક્રિયા અને આગ્રહ એ બન્ને બહિર્વૃત્તિના વિષયો હોવાથી સાક્ષાત્ મોક્ષના સાધનો નથી પણ પરપરાએ મોક્ષના સાધનો ગણાય છે આગ્રહપૂર્વક ક્રિયાઓ થાય છે અને તે બહિર્વૃત્તિનો વિષય છે. આગ્રહપૂર્વક ક્રિયા કરતાં કરતાં કર્મોનો અંશત: ક્ષય [નિર્જરા] થાય છે અર્થાત્ અત:કરણની શુદ્ધિ થાય છે એટલે કે મન કેળવાય છે ત્યારે મનમા સ્વભાવત. તત્ત્વજ્ઞાન જાણવાની રુચિ થાય છે. +તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન. તે અંતર્વૃત્તિનો વિષય છે, બહિર્વૃત્તિ અને અંતર્વૃત્તિ એ મનની સ્થિતિના ભેદ છે.

શરૂઆતમાં ક્રિયાકલાપમાં જ આત્મ-સાક્ષાત્કાર થાય છે એમ મન માની બેસે છે, પણ ક્રિયાવડે મનનો વિકાસ થતાં

+ જબ તક આત્મજ્ઞાન ના, મિથ્યા ક્રિયા કલાપ;
ભટકો તીનોં લોકમેં, શિવસુખ લહો ન આપ.

અર્થ—જ્યા સુધી આત્મજ્ઞાન નથી થયું ત્યા સુધી સર્વ ક્રિયાઓ ફોકટ છે, અને તેથી તુ ત્રણ લોકમા ભટકીશ તથા મોક્ષ સુખ પામી શકીશ નહિ. શ્રીયોગસાર.

તત્ત્વજ્ઞાનદ્વારા આત્મ-સાક્ષાત્કાર થાય છે એવું મનને સમજાય છે જે પ્રભુત્વ પ્રથમ ક્રિયાકલાપમા સમજાતું હતું તે હવે એમ સમજાય છે કે—

तपोभिर्दुस्तपैस्तप्तै-र्व्रतै स्तैश्च दुष्करैः ।
आत्मज्ञानं विना मोक्षो न भवेद्योगिनामपि ।।

અર્થ:—બહુ મુશ્કેલીથી થઈ શકે તેવા દુષ્કર તપ અને વ્રતોના પાલનથી યોગી પુરુષોને પણ આત્મજ્ઞાન વિના મોક્ષ નથી. મતલબ કે આત્મજ્ઞાન છે તેજ મોક્ષનુ પરમ કારણ છે —શ્રીયોગપ્રદીપ.

આ જે લક્ષ તે આત્માના ગર્ભનું સંક્રમણ જાણવું આત્મારૂપ મહાવીરનુ સંક્રમણ કરનાર મનરૂપ હરિનૈગમેષી દેવ છે. મનરૂપ હરિનૈગમેષી દેવની ગતિ ઘણી જ તીવ્ર છે અલ્પ કાળમા લાખો ગાઉ જવાની શક્તિ મનમા રહેલી છે. જે મન બહિર્વૃત્તિમા પ્રભુ છે એમ માનતું હતુ તે જ મન, મનની ખીલવણી થતાં પછીથી એમ માને છે કે અંતર્વૃત્તિમાં પ્રભુ રહેલા છે. અંતર્વૃત્તિ એ જ ક્ષત્રિયકુંડ ગ્રામ ક્રિયાવૃત્તિરૂપ દેવાનંદા બ્રાહ્મણી અર્થાત્ ક્રિયાકર્મવૃત્તિમાંથી જ્ઞાનવૃત્તિરૂપ ત્રિશલા ક્ષત્રિયાણીમાં આત્મારૂપ મહાવીરનું સંક્રમણ થાય છે એટલે કે + ક્રિયાવૃત્તિમાથી જ્ઞાનવૃત્તિમાં પ્રવેશાય છે.

જ્યારે સાધક મુમુક્ષુઓ બહિર્વૃત્તિરૂપ માહણપુરમાથી અંતર્વૃત્તિરૂપ ક્ષત્રિયકુંડ ગ્રામમા પ્રવેશે છે ત્યારે તે સાધક મુમુક્ષુઓના સર્વ અર્થ સિદ્ધ થાય છે અને તેઓની ત્રણે અવસ્થા સત્ત્વ,

---

\+ वयतवसंजममूलगुण, मूढह मोक्ख णि वुत्तु ।
जाम ण जाणइ इक्क, परु सुद्धउ भावपवित्तु ।।

અર્થ:—વ્રત, તપ, સંયમ, ધ્યાનથી જ મોક્ષ મળે છે એવું મૂઢ જ કહે છે. આત્મા કોણ છે? એવો અનુભવ કર્યા વિના કોઈ પણ જીવ મુક્ત થઈ શકે જ નહિ. શ્રીયોગસાર.

રજ અને તમ] સમપણું પામે છે એવા મુમુક્ષુને સર્વ અર્થોની સિદ્ધિ એ પિતા-સિદ્ધાર્થ છે અને ત્રણ ગુણની સામ્યાવસ્થા એટલે કે જ્ઞાનવૃત્તિ એ માતા ત્રિશલા છે સિદ્ધાર્થરૂપ પ્રેમ અને ત્રિશલારૂપ જ્ઞાનવૃત્તિ એ અંતર્વૃત્તિના અભ્યાસકના પિતા અને માતા છે. આત્મારૂપ મહાવીર પ્રભુના દર્શનની ઇચ્છા રાખનારે શ્વાસોચ્છ્વાસની ક્રિયા ખાસ જાણવી જોઇએ શ્વાસોચ્છ્વાસની ક્રિયાદ્વારા ઇડા પિંગલા અને સુષુમ્ણાનો અનુભવ થાય છે શ્રીયોગશાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

इडा च पिंगला चैव, सुषुम्णा चेति नाडिकाः ।
शशिसूर्यशिवस्थानं, वामदक्षिणमध्यगाः ॥

અર્થ:—ડાબી બાજુએ રહેલી નાડીને ઇડા નાડી કહે છે અને તેમા ચંદ્રનું સ્થાન છે, જમણી બાજુએ રહેલી નાડીને પિંગલા કહે છે અને તેમા સૂર્યનું સ્થાન છે, બેઉની મધ્યમા રહેલી નાડીને સુષુમ્ણા કહે છે અને તેમા શિવ [મોક્ષ] નું સ્થાન છે.

આથી કહેવાનું એ છે કે સુષુમ્ણા એટલે ઇડા અને પિંગલા નાડીનો સમન્વય. સુષુમ્ણા નાડીનો ખાસ સમય સવાર, મધ્યાહ્ન, સાંજ અને મધ્યરાત્રિ છે, માટે જ દરેક ધર્મવાળાઓએ આ ચાર સમયને ધ્યાન-ભજન માટે નક્કી કર્યા છે જેમનાથી આ ચારે સમય ધ્યાનાદિ કરી શકાય તેમ ન હોય તો તેમણે +સવાર

\+ શ્રી અધ્યાત્મસારમા શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે—

यत्र योगसमाधानं, कालोऽपीष्टः स एव हि ।
दिनरात्रिक्षणादीनां, ध्यानिनो नियमस्तु न ॥

મૂલાર્થ—જે રાત્રિદિવસરૂપ સમયે ધ્યાનયોગનું અથવા મન, વચન અને કાયાના યોગનુ સમાધાન અર્થાત્ ધ્યાન કરવા યોગ્ય વસ્તુને વિષે

અને સાંજ એ બે સમય તો અવશ્ય ધર્મધ્યાન કરવું જ જોઇએ, એ સમયમાં આત્મધ્યાન, ભજન સિવાય બીજા કાર્યોમાં લક્ષ નહિ આપવું જોઇએ, કારણ કે આ બ્રહ્માંડમાં જે વાતાવરણ ભરેલું છે તેમાં તે સમયે સમતોલપણું આવતા તેની અસર-તે મહાપ્રાણની અસર પિંડરૂપ બ્રહ્માંડના દરેક પિંડમાં રહેલા પ્રાણ ઉપર થાય છે તેથી તે સમય સુષુમ્ણાનો સમય કહેવાય છે.

શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે કે—

સોડહં સોડહં સોડહં સોડહં સોડહં સોડહ રટના લગીરી—સોડહં૦
ઇંગલા, પિંગલા સુખમના સાધકે, અરુણ પ્રતિથી પ્રેમ લગીરી;
વંકનાલ ખટચક્ર ભેદકે, દશમ દ્વાર શુભ જ્યોતિ જગીરી-સોડહં. ૧
ખુલત કપાટ ઘાટ નિજ પાયો, જનમ જરા ભયભીતિ ભગીરી;
કાચ [1]શકલ દે ચિંતામણિ લે, કુમતા કુટિલકું સહજ ઠગીરી-સોડહં. ૨
વ્યાપક સકલ સ્વરૂપ લખ્યો ઈમ, જિમ નભમેં મગ લહત ખગીરી;
ચિદાનંદ આનંદ મૂરતિ, નિરખ પ્રેમભર બુધ્ધિ [2]થગીરી-સોડહં ૩

એ સમયમાં ધર્મધ્યાન કરવાથી મન ઘણી તીવ્ર ગતિથી એકાગ્ર થવા માંડે છે અને છેવટે આત્મ-સાક્ષાત્કાર થાય છે.

તન્મયપણું થાય તે જ કાળ પણ ધ્યાનીને યોગ્ય છે. પરતુ ધ્યાનીને દિવસ, રાત્રિ કે ક્ષણાદિનો કોઈ પણ નિયમ નથી.

એવી જ રીતે ધ્યાનશતક, ધ્યાનદીપિકાના કર્તા કહે છે, પરતુ યોગદિવાકર, યોગદીપકના લેખકો કહે છે કે ' પ્રાત.કાળ અને સંધ્યા-કાળ એ બે સમયો પ્રાણાયામ કરવાને માટે બહુ જ સારા છે. સૂર્યના ઉદય તથા અસ્ત સમયે સૃષ્ટિમાં સર્વત્ર પ્રાય શાતના હોય છે. એ શાંતતાની અસર આપણા શરીર ઉપર થાય છે.

આ સંબધમા સદ્ગત શ્રીમદ્ રાજચદ્રે કહ્યું છે કે—

એકાંત, પ્રભાત, પ્રથમ પ્રહર એ સેવ્ય ભકિત માટે યોગ્ય કાળ છે; સ્વરૂપચિંતનભકિત તો સર્વ કાળે સેવ્ય છે.

૧ શકલ=કકડો. ૨ થગીરી=સ્થિર થઇ.

આથી જ તે સંધ્યાના સમયમા જ મધ્ય રાત્રે શ્રીમહાવીર પ્રભુ જન્મ્યા હતા એમ કહેલ છે. ભાવાર્થ એવો છે કે પ્રાણના સંપૂર્ણ સમતોલપણામાં એટલે કે સુષુમ્ણા કે વીતરાગ દશામાં જ સર્વત્ર અભેદભાવ થવાથી આત્માનુભવ થવા રૂપ શ્રીમહાવીર પ્રભુનો જન્મ થાય છે.

અન્ય દર્શનોમાં પણ કહ્યું છે કે સંધ્યામાં જીવ અને ઇશ્વરની એકતામાં કે વીતરાગદશામાં જ આત્માનુભવ થાય છે. મુમુક્ષુને જ્યારે આત્મારૂપ મહાવીરના દર્શન થાય ત્યારે તે ત્રણ [મતિ, શ્રુત અને અવધિ] જ્ઞાનયુક્ત થાય છે. મતિ અને શ્રુતજ્ઞાન તો દરેક મનુષ્યને હોય છે પણ તેમને તો તે ઉપરાંત આત્માના અનુભવનુ જ્ઞાન (રૂપી દ્રવ્યને સાક્ષાત્ કરનાર) પ્રત્યક્ષ જ્ઞાન અમુક હદ સુધીનું થાય છે, માટે શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રી મહાવીર પ્રભુ ત્રણ જ્ઞાન સહિત જન્મ્યા હતા આવી આત્મદશાએ પહોંચેલો દરેક સાધક તે ત્રણ જ્ઞાનયુક્ત હોય છે; પણ ખરૂ જોતા તો જ્યારથી મુમુક્ષુઓ પરમાર્થને રસ્તે ચઢે છે ત્યારથી જ તેમને અંશે અંશે અનુભવજ્ઞાન થાય છે તેથી જ એમ કહેવાય છે કે *ગર્ભમા પણ શ્રીતીર્થંકર પ્રભુને ત્રણ જ્ઞાન હોય છે આત્મજ્ઞાનના દરેક યથાર્થ અભ્યાસકને મતિ અને શ્રુત ઉપરાન્ત અમુક અંશે અનુભવરૂપ અવધિજ્ઞાન પણ હોય છે. આનું નામ જ ગર્ભમાં ત્રણ જ્ઞાન જાણવા અર્થાત્ ગર્ભયોગી તે

---

* जेवि य से तिसलाए खत्तियाणीए कुच्छिसि गब्भे तं पि य दाहिणमाहणकुंडपुरसंनिवेसंमि उसभदत्तस्स माहणस्स कोडालसगोत्तस्स देवाणंदाए माहणीए जालंधरायणगुत्ताए कुच्छिसि गब्भं साहरइ समणे भगवं महावीरे तिन्नाणोवगए आवि होत्था—

साहरिज्जिस्सामित्ति जाणइ, साहरिज्जमाणे न जाणइ, साहरिएमिति जाणइ समणाउसो ! । श्री આચારાંગ સૂત્ર.

આનું નામ. આ સ્થિતિએ પહોંચેલા મહાન્ સાધકો આત્માના અખંડ †અનુભવ મેળવવાના રસ્તામાં યશ મેળવતા જ જાય છે અને તથા તેમને પ્રિયદર્શનનો લાભ મળ્યા જ કરે છે એટલે કે આત્મારૂપ મહાવીર પ્રભુની સ્ત્રી યશોદા છે અને પુત્રી પ્રિયદર્શના છે. નિષ્કામવૃત્તિ હમેશા યશ આપનારી છે અને નિષ્કામવૃત્તિ-દ્વારા જ ઇચ્છિત દર્શન મેળવી શકાય છે; તેથી જ એમ કહેલ છે કે શ્રીમહાવીર પ્રભુને યશોદા નામની પત્ની અને પ્રિયદર્શના નામની પુત્રી હતી તે વાજબી છે. આ દશામાં સાધક મહાવીરને નિષ્કામતારૂપ યશોદાદ્વારા જ ઇચ્છિત દર્શન-+આત્માનંદ-પ્રિયદર્શનાની પ્રાપ્તિ થાય છે જે સાધકો [મહાવીરો] નિષ્કામપણે કાર્ય કરે છે તેઓ હમેશા યશ મેળવે છે અને ઇચ્છિત પરિણામ લાવી શકે છે આવી સ્થિતિએ જે મુમુક્ષુઓ પહોંચે છે તેવા મહાવીરોને ત્રણ અવસ્થા ઉપર અમારો કાબૂ છે તથા અમારા મનોરથો સિદ્ધ થાય છે એવી ભાવના વિલયને પામી જાય છે એટલે કે સિદ્ધાર્થ અને ત્રિશલા સ્વર્ગવાસ પામી જાય છે એમ કહ્યુ છે. શ્રીપાતંજલ-યોગદર્શનમાં કહ્યું છે કે—

ते समाधावुपसर्गा व्युत्थाने सिद्धयः ।

અર્થ:—આ સિદ્ધિઓ સમાધિ [સંપ્રજ્ઞાતયોગ-જૈનદૃષ્ટિએ કેવલજ્ઞાન] માં ઉપસર્ગ-પ્રતિબંધકરૂપ છે અર્થાત્ યોગીએ ઉપેક્ષા કરવા યોગ્ય છે. માત્ર વ્યુત્થાન દશા [સંસાર] માં સિદ્ધિઓ વિભૂતિરૂપ છે

---

† વસ્તુ વિચારત ધ્યાવતૈ. મન પાવૈ વિશ્રામ:
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભૌ યાકૌ નામ.

શ્રી નાટક સમયસાર.

+ અનુભૌકી કેલિ યહૈ, કામધેનુ ચિત્રાવેલિ;
અનુભૌકૌ સ્વાદ, પંચ અમૃતકૌ કૌર હૈ.
કેલિ=આનંદ, કૌર-ગ્રાસ, કોળિયો.

શ્રી નાટક સમયસાર

સિદ્ધ અર્થો તરફ સાધકનું લક્ષ જતું જ નથી આથી જ્ઞાનવૃત્તિ ઉચ્ચ કક્ષાને પામે છે, કારણ કે જ્ઞેય પોતે જ છે એવો અનુભવ થવા માંડે છે

અંતર્વૃત્તિરૂપ ક્ષત્રિયકુંડ ગ્રામનો સર્વ વ્યવહાર વધતા આનંદ-રૂપ નંદિવર્ધનવડે જ ચાલે છે. વાસ્તવિક રીતે તો સાધકના સર્વ ભયો દૂર થાય છે. એટલે તે દ્રવ્ય અને ભાવથી કેવલ નિજ સ્વરૂપે રમે છે અને પર સ્વરૂપથી મુક્ત થાય છે-આનું નામ તે દીક્ષા; અને તે અશોક વૃક્ષના નીચે, એટલે કે યોગીના સર્વ શોકો દૂર થાય છે તથા સર્વત્ર આત્માનંદ અનુભવાય છે મનનો આત્માનંદમાં વિલય તે મનપર્યવજ્ઞાન. આ સમયે સાધકમાં પૂર્ણ જાગૃતિ હોવાથી મનના દરેકે દરેક વિચારનો તે દૃષ્ટા હોય છે સર્વ સિદ્ધિઓ આવા યોગીની હજુરમા રહે છે છતાંએ યોગીને તેની દરકાર જ હોતી નથી. સર્વ સિદ્ધિઓ યોગીને વ્યંતરના વળગાડ જેવી લાગે છે માટે જ શ્રીમહાવીર પ્રભુ સાથે સિદ્ધાર્થ વ્યંતર રહેતો હતો એમ કહેલ છે

મહાન્ સાધક-યોગીરૂપ શ્રીમહાવીર પ્રભુને પણ પૂર્વ સંસ્કારવશાત્ કોઇ સમયે ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારની વાસનારૂપ શલ્યત્રયો દુઃખ આપવા તૈયાર થાય છે એટલે કે શૂલપાણિ યક્ષ દુઃખ આપે છે પણ મહાન્ સાધકો તેને ગણકારતા નથી એટલે કે ×શલ્યત્રય ઉપર સાધકો-મહાવીરો વિજય મેળવે છે

આ સંબંધમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે-

× દ્રવ્ય શલ્યમાંહી રહ્યા, એક ભવે દુઃખદાય રે;
ભાવશલ્ય રાખ્યાં થકાં, ભવ ભવમેં દુઃખ થાય રે-
શલ્ય કોઇ મત રાખજો.

મુનિશ્રી જયમલ.

दंडाणं गारवाणं च सल्लाणं च तियं तियं ।
जे भिक्खू चयई निच्चं, से न अच्छइ मंडले ॥

અર્થ—[મન, વચન અને કાય–એ ત્રણ] દંડને, [ઋદ્ધિ, રસ અને શાતા–એ ત્રણ] ગૌરવને અને [માયા, નિદાન અને મિથ્યાત્વ–એ ત્રણ] શલ્યને જે સાધુ નિત્ય તજે છે તે સંસારમાં રહેતા નથી.

તેવી જ રીતે શ્રીયોગવાસિષ્ઠમાં શ્રીવસિષ્ઠ મુનિ ઉપદેશે છે કેઃ—

बन्धो हि वासनाबन्धो, मोक्षः स्याद्वासनाक्षयः ।
वासनास्त्वं परित्यज्य, मोक्षार्थित्वमपि त्यज ॥

સ્પષ્ટાર્થ—વાસનાથી થયેલો બન્ધ તે બન્ધ અને વાસનાનો ક્ષય તે મોક્ષ. તુ વાસનાને ત્યજી દે અને એ ત્યાગમાં સાધનભૂત જે મોક્ષની ઇચ્છા તેને પણ પાછળથી ત્યજી દે.

શ્રી બુદ્ધદેવે ધમ્મપદના માર્ગવર્ગમાં કહ્યું છે કે-

अक्खातो वे मया मग्गो अञ्ञाय सल्लकन्तनं ॥

શલ્યને કાઢવાનુ જાણીને મેં [અષ્ટાંગિક] માર્ગ કહેલો છે.

પછી યોગીને સંસાર સર્પરૂપ ચંડકૌશિક નાગ કાંઈ કરી શકતો નથી. ઉલટું સંસાર સર્પનો ઉદ્ધાર યોગી લોકો કરી શકે છે મહાન્ યોગીઓનો સંસાર સર્પ–ચંડકૌશિક નાગ સાથે યોગ થતાં [ડંસ થતા] મહાન્ યોગીઓ ગુસ્સે થતાં નથી. અર્થાત્ યોગીઓના શરીરમાથી લોહી નહિ નીકળતાં દૂધ નીકળે છે. એટલે કે મહાન્ યોગીઓ સંસાર સર્પ તરફ અમૃતની વૃષ્ટિ કરે છે. તે ડંસરૂપ વિષનો પ્રતિકાર અમૃત–દૂધથી કરે છે, કારણ કે સમભાવવાસિત આત્માઓની અસર શરીર તેમજ સ્વભાવ ઉપર પણ થાય છે.

શ્રી અધ્યાત્મસારના સમતા અધિકારમા કહ્યું છે કે--

किं स्तुमः समतां साधो ! या स्वार्थप्रगुणीकृता ।
वैराणि नित्यवैराणामपि, हन्त्युपतस्थुषाम् ॥

અર્થ—હે સાધુ ! અમે સમતાની કેટલી સ્તુતિ કરીએ ? કે જે સમતા આત્મા અર્થે સજ્જ કરવાથી પાસે રહેલા નિત્ય વિરોધી જીવોના વૈરનો પણ નાશ કરે છે.

આના લીધે યોગીઓનું લોહી પણ શ્વેત અને મિષ્ટ દૂધરૂપ થઇ જાય છે. સંસાર સર્પથી આવા યોગીજનો ભય પામતા નથી સંસારમાં સર્પ તરફ ખૂબ +અમીદૃષ્ટિ વર્ષાવી તેનું તારણ કરવું એ મહાન્ યોગીઓ-મહાવીરોનો ધર્મ છે. આ દેહ પણ એક સંસાર સર્પ કે ચંડકૌશિક નાગ છે એ દેહમાં-આત્માનો-મહાવીરનો અનુભવ થતાં દેહરૂપ સંસાર સર્પનું તારણ થાય છે; જે દેહ દુઃખરૂપ-ઝેરરૂપ જણાતો હતો તે જ દેહ આત્મ-સાક્ષાત્કારરૂપ મહાવીર પ્રભુના યોગવડે અમૃતનું સ્થાન થઇ પડે છે; અને આનું નામ જ દેહરૂપ સંસાર સર્પ-ચંડકૌશિકનું તારણ. સંસાર સર્પરૂપ ચંડકૌશિક નાગના મોહરૂપ વિષવડે આખું વિશ્વ ઘેનમા ઝૂલે છે. જ્યારે આત્મજ્ઞાની પુરુષો જ એ સંસાર સર્પનુ મોહ-વિષ ઉતારી શકે છે

શ્રી જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે—

प्रबोधाय विवेकाय, हिताय प्रशमाय च ।
सम्यक्तत्त्वोपदेशाय, सतां सूक्तिः प्रवर्त्तते ॥

અર્થ—સત્પુરુષોની ઉત્તમ વાણી જીવોને પ્રકૃષ્ટ [પદાર્થોનુ વિશેષ]

+ સવિ જીવ કરૂ શાસનરસી, એસી ભાવ દયા મન ઉલ્લસી.
તેમજ શ્રીઆનંદઘનજી મહારાજ કહે છે કે—

જ્ઞાન, વિવેક [સ્વપરનો ભેદ જાણવાનો અભિપ્રાય], હિત [સુખના કારણની સમજણ], પ્રશમતા [કષાયોની મંદતા] અને સમ્યક્ પ્રકારે તત્ત્વોપદેશ દેવા અર્થે જ પ્રવર્તતી હોય છે.

મહાવીર એટલે આત્મા. ગોશાલક એટલે દેહભાવ ગો એટલે ઇંદ્રિય અને શાલા એટલે રહેવાનું સ્થળ. ઇંદ્રિયોની રહેવાની શાલા તે દેહ આ પ્રમાણે આત્મભાવ તે મહાવીર અને દેહભાવ તે ગોશાલક. આત્મારૂપ મહાવીરના ઉપાસકો આત્મજ્ઞાની હોઇ શકે પણ દેહભાવવાળા કે દેહાધ્યાસવાળાઓ આત્માના-મહાવીરના ઉપાસકો હોઇ શકે નહિ; એટલે કે દેહભાવવાળા-બહિર્દષ્ટિવાળાઓ જૈનો કહેવાય નહિ માટે ગોશાલકરૂપ દેહભાવને જૈનને બદલે જૈનાભાસ અને શિષ્યને બદલે શિષ્યાભાસ કહેલ છે દેહભાવવાળો સમુદાય તે ગોશાલકપંથી અને આત્મભાવવાળો સમુદાય તે મહાવીરપંથી કે મહાવીર--માર્ગાનુસારી છે. આત્મભાવવાળા કરતા દેહભાવવાળો સમુદાય ઘણો વધારે હોય

સર્વ જંતુ હિતકરણી કરુણા, કર્મ વિદારણ તીક્ષણ રે.

વળી રાજર્ષિ કવિ ભતૃહરી કહે છે કે—

पद्माकरं दिनकरो विकचीकरोति
चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति,
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥

અર્થ—સૂર્ય પ્રાર્થના વિના જ કમળના સમુદાયને પ્રફુલ્લિત કરે છે. ચન્દ્ર કોઇની પણ પ્રાર્થના વિના કુમુદિની [પોયણા] ને પ્રફુલ્લિત કરે છે અને મેઘ પણ કોઇની પ્રાર્થના વિના જળ આપે છે; તેમજ સંતો સ્વયં અન્યના કલ્યાણ માટે ઉત્સાહથી પ્રયાસ કરે છે.

છે માટે જ મહાવીરના શિષ્યો–આત્માભિમુખવૃત્તિવાળા થોડા [એક લાખ અને ઓગણસાઠ હજાર] કહેલ છે, અને ગોશાલકના શિષ્યો–દેહભાવવાળા [અગ્યાર લાખ] કહેલા છે, જેઓ મુખ્યત્વે આત્માના ઉપાસકો છે તેઓ જૈનો છે, પણ જેઓ આત્મા સિવાય દેહભાવના ઉપાસકો છે તેઓ ગોશાલક મતવાળા છે આત્મજ્ઞાની–મહાવીરો જ જિન–અરિહંત કે કેવલી હોય છે પણ દેહભાવવાળા જિન વિગેરે કદી પણ હોઇ શકે જ નહિ. જેઓ આત્મારૂપ મહાવીરથી વિમુખ છે તેઓ શ્રાવક, સાધુ કે સમ્યક્ત્વી હોઈ શકે નહિ, કારણ કે આત્મારૂપ મહાવીરના જ્ઞાન વિના શ્રાવકપણું, +મુનિપણું કે સમકિતીપણું સંભવી શકે જ નહિ તથાપિ જેઓ આત્મજ્ઞાન વિમુખ હોવા છતાં પોતાને શ્રાવક, મુનિ કે સમ્યક્ત્વી વગેરે શબ્દોથી ઓળખાવે છે–પોતાને ગણે છે–માની લે છે, તેઓ ગોશાલકપંથી સદૃશ છે; કારણ કે ગોશાલક પણ ભગવાન મહાવીરથી વિમુખ હોવા છતા પોતાને જિન, અરિહંત, કેવલી વગેરે શબ્દોથી ઓળખાવતા હતા. ભાવાર્થ એ છે કે દેહભાવ એ ગોશાલક છે અને આત્મભાવ એ મહાવીર છે દેહદૃષ્ટિવાળા ગોશાલકો છે અને આત્મદૃષ્ટિવાળા મહાવીરો છે દુનિયામાં ગોશાલકો ઘણા છે અને *મહાવીરો થોડા છે.

તેવી જ રીતે શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે—

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગીરે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, (તે) આનંદઘન મત સંગીરે.
વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી.

+ આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુકલ્પના, આત્માર્થી નહિ જોય.

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર.

* વિરલા જાને તત્ત્વકો, વિરલા તત્ત્વ સુનંત;
વિરલા ધ્યાવે તત્ત્વકો, વિરલા શ્રદ્ધાવંત.

શ્રી યોગસાર.

દેહભાવવાળા-ગોશાલકો હમેશાં ક્રોધાદિથી તપ્યા કરે છે. પોતે તપે છે અને બીજાઓને તપાવે છે તપાયમાન રહ્યા કરવું એજ દેહભાવરૂપ ગોશાલકની તેજોલેશ્યા જાણવી અને તે હમેશાં હલકી જ હોય છે; આત્મવિમુખતા એ જ તેજોલેશ્યા જ્યારે આત્મદૃષ્ટિરૂપ મહાવીરની લેશ્યા આનંદમય હોય છે આત્મજ્ઞાનીને આનંદનો અનુભવ હોવાથી તેમની વૃત્તિ પ્રશાન્ત હોય છે તેથી જ આત્મજ્ઞાની-મહાવીર પ્રભુને શીતલેશ્યાવાળા કહ્યા છે. દેહભાવ-ગોશાલકના મનમાં દુઃખાગ્નિ બળ્યા કરે છે એજ ગોશાળકની તેજોલેશ્યા અને આત્મજ્ઞાનીઓના મનમાં પરમ શાન્તિ રહ્યા કરે છે એ જ મહાવીર પ્રભુની શીતલેશ્યા જાણવી. આત્મજ્ઞાનથી વિમુખ ગોશાલકો છે અને તેમની પાસે તેજોલેશ્યા તૈયાર હોય છે આત્મજ્ઞાનીઓ સઘળા મહાવીર છે અને તેમની પાસે શીતલેશ્યા તૈયાર હોય છે. શીતલેશ્યાદ્વારા આત્મજ્ઞાનીઓ હમેશા શાન્તિમા વૃદ્ધિ કરતા જાય છે અને દેહભાવરૂપ ગોશાલક કદાચ અજ્ઞાન કષ્ટરૂપ વૈશ્યાયનથી ઉત્પન્ન થયેલી તેજોલેશ્યાવડે-સંસારદુઃખાગ્નિ વડે બળતો હોય તો તેને આત્મજ્ઞાનીરૂપ મહાવીર શીતલેશ્યા વડે શાન્તિ પમાડે છે. દેહભાવવડે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ તેજોલેશ્યાવડે બળતો પ્રાણી જ્યારે આત્મજ્ઞાન-†સમતા તરફ વળે છે ત્યારે તેની દુઃખાગ્નિરૂપ તેજોલેશ્યા દૂર થાય છે અને તે શાન્ત પામે છે. મહાન સાધકો આત્માના વધતા જતા અનુભવવડે પરમ શાન્ત શીત લેશ્યાને સિદ્ધ કરતા જાય છે અને દેહભાવમા રહેલ દુખાગ્નિરૂપ તેજોલેશ્યાને દૂર કરતા જાય છે.

† दृशोः स्मरविषं शुष्येत्, क्रोधतापः क्षयं व्रजेत् ।
औद्धत्यमलनाशः स्यात्, समतामृतमज्जनात् ॥

અર્થ-સમતારૂપ અમૃતમા સ્નાન કરવાથી દૃષ્ટિનુ કામરૂપ વિષ સુકાઇ જાય છે, ક્રોધરૂપ તાપ ક્ષયને પામે છે અને ઉદ્ધતપણારૂપ મળનો નાશ થાય છે. શ્રીઅધ્યાત્મસાર.

આવા મહાન્ સાધકરૂપ મહાવીરને માયારૂપ વ્યંતરી મહા-પરીષહો આપે છે શ્રીચન્દ્રકાન્ત ભાગ ત્રીજામાં કહ્યું છે કે—

सम्भाव्येतरघटनापटीयसी सा ।
सम्मोहं जनयति विभ्रमेण माया ॥

અર્થ—અસંભવિત પદાર્થને ઉત્પન્ન કરવામાં ઘણી કુશળ એવી માયા વિભ્રમણુ ઉપજાવીને જીવને મોહિત કરે છે.

માયાનો માર ટાઢો છે-ગુપ્ત છે. મોટા મોટા મુનિવરોને માયા પોતાના ટાઢા મારથી માત કરે છે એવો આ વિશ્વના મોહરૂપ માયાનો અજબ ચમત્કાર છે માયારૂપ વ્યંતરીનો ટાઢો અને ગુપ્ત માર અસહ્ય છે છતાયે આત્માના ઉપાસકો-મહાવીરો પોતાની જાગ્રતિને લઇને માયારૂપ વ્યંતરીના ટાઢા અને ગુપ્ત પરીષહોને-મારને સહન કરી લે છે, પણ માયામાં લિપ્ત થતા નથી. આત્મજ્ઞાનીને, માયારૂપ વ્યંતરીનું આવરણ મહાન્ છે. માયાના ટાઢા મારને પણ મહાન્ સાધકો સમજી જાય છે અને તેના તરફ દૃષ્ટિ પણ નહિ કરતાં કેવળ નિજ સ્વરૂપમાં મગ્ન રહે છે માટે જ આવા મહાન્ સાધકો મહાવીર કહેવાય છે.

સ્વભાવસ્થાન તે આર્યદેશ છે અને વિભાવસ્થાન તે અનાર્ય દેશ છે. વિભાવસ્થાન રૂપ અનાર્ય દેશમાં જ્યારે મહાન્ સાધક-રૂપ મહાવીર વિચરે છે અર્થાત્ જ્યારે કોઈ પ્રસંગવશાત્ વિભા-વમાં જાય છે ત્યારે દ્વંદ્વના સમાગમ થવારૂપ સંગમદેવનો× ઉપ-

× મહાવીર પ્રભુને સંગમ દેવતાએ પ્રાણ ત્યાગ થતા વાર ન લાગે તેવા બહુ પરીષહ દીધા ત્યાં પ્રભુની કેવી અદ્દભુત સમતા ! ત્યાં પ્રભુએ વિચાર્યું કે જેના દર્શન કરવાથી કલ્યાણ થાય, નામ સ્મરવાથી કલ્યાણ થાય તેના સંગમાં આવીને અનંત સંસાર વધવાનું આ જીવને કારણ થાય છે. આવી અનુકંપા આવવાથી આંખમાં આંસુ આવી ગયા. કેવી અદ્દભુત સમતા ! શ્રીમદ્ રાજચંદ્ર.

સર્ગ થાય છે. પણ દ્વંદ્વના સંગમથી થતા અનિષ્ટો તરફ મહાન સાધક દૃષ્ટિ પણ નહિ કરતાં પોતે અનંત બળવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એમ વિચારીને નિજ સ્વરૂપમા મસ્ત રહે છે.

શ્રી નાટક સમયસારમાં કહ્યું છે કે—

જૈસેં કોઊ જન ગયો ધોબીકે સદન તિન,
પહિર્યો પરાયો વસ્ત્ર મેરો માનિ રહ્યો હૈ;
ધની દેખિ કહ્યો ભૈયા ! યહ તો હમારો વસ્ત્ર,
ચીન્હેં પહિચાનત હી ત્યાગ ભાવ લહ્યો હૈ. ૧

તૈસેંહી અનાદિ પુદ્‌ગલસૌં-સંજોગી જીવ,
સંગકે મમત્વસૌં વિભાવતામેં વહ્યો હૈ;
ભેદજ્ઞાન ભયો જબ આપો પર જાન્યો તબ,
ન્યારો પરભાવસૌં સ્વભાવ નિજ ગ્રહ્યો હૈ ૨

પરમાર્થ માર્ગનુ આરાધન કરનારાને ઇંદ્રિયોના વિષયો સૌથી વિશેષ દુઃખ આપે છે. વિષયોનું પ્રાબલ્ય એટલું બધું વૃદ્ધિને પામે છે કે પારમાર્થિક માર્ગનું કશું શ્રવણ થવા પામતું જ નથી. જાણે કેમ કર્ણમા ખીલા ઠોકયા હોય તેમ ઇંદ્રિયોના વિષયોનો ધ્વનિ કર્ણના દ્વારને બંધ કરી દે છે અને કદાચ સાધક રૂપ મહાવીર મૂર્ચ્છિત બને છે.

શ્રી અધ્યાત્મસારમાં કહ્યું છે કે—

इतः कामौर्वाग्निर्ज्वलति, परितो दुःसह इतः
पतन्ति ग्रावाणो विषयगिरिकूटाद्विघटिताः ।
इतः क्रोधावर्तो विकृतितटिनीसंगमकृतः
समुद्रे संसारे तदिह न भयं कस्य भवति ॥

મૂલાર્થ—આ એક તરફ દુઃસહ એવો કામરૂપ વડવાનલ ચોતરફ

બળ્યા કરે છે, આ બીજી બાજુએ વિષયરૂપ પર્વતના શિખર પરથી તૂટી પડેલા પત્થરો પડે છે અને આ તરફ વિકારરૂપી નદીઓના સંગમથી ઉત્પન્ન થયેલા ક્રોધરૂપ આવર્તો [જળભ્રમણ] દેખાય છે તો આવા સંસારરૂપ સમુદ્રમા કોને ભય ઉત્પન્ન ન થાય ?

છતાયે* વિચારરૂપ અરકવૈદ્યવડે વિષય—શલ્યરૂપ ખીલાઓ અળગાં થાય છે અને મહાન્ સાધક આત્મસાધનમાં આગળ વધતો જાય છે મહાન્ સાધકોને મોટામાં મોટો ભય ઇંદ્રિયજન્ય વિષયોના દુઃખરૂપ ગોવાળિયાઓના ઉપસર્ગનો છે. ઘણાખરા સાધકોને ઇંદ્રિયવિષયો પછાડીને ભૂકા કાઢી નાંખે છે. જે સાધકો ઇંદ્રિયવિષયોરૂપ ગોવાળિયાના ઉપસર્ગોને સહન કરી લે છે પણ તેમા મૂઝાતા નથી તે જ મહાવીર છે. ઠેઠ દશમા [સૂક્ષ્મસંપરાય] ગુણસ્થાન સુધી ઇંદ્રિયવિષયોરૂપ ગોવાળિયાઓના ઉપસર્ગ આવે છે; પણ જે સાધક આત્માનંદનો અનુભવી બનેલો છે તેને ઇંદ્રિયવિષયો અડચણ કરવા માટે ઉશ્કેરાય છતાં કાંઇ કરી શકતા નથી. શ્રીજ્ઞાનસારમાં કહ્યુ છે કે—

यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।
क्वनाम स परद्रव्येऽनुपयोगि निमुह्यति ॥

શબ્દાર્થ—જ્ઞાનરૂપ દર્પણને વિષે સમસ્ત આચાર વિન્યસ્ત કરવાથી જેની બુદ્ધિ મનોહર છે એવા યોગી પરદ્રવ્યને વિષે શું મોહ પામે છે ?

પ્રત્યક્ષ આત્માનંદ પાસે વિષયાનંદ કશા હિસાબમા નથી, પણ તે +વિચારવાન હોય વા અનુભવી હોય તે જ જાણી

* જયાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.
શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર

+જેને વૈરાગ્ય, ઉપશમ વર્તતો હોય તેને જ વિચારવાન કહેવાય.
શ્રીમદ્ રાજચંદ્ર.

શકે; કાચાપોચા સાધકને તો ઇંદ્રિયવિષયરૂપ ગોવાળિયાઓનો મોટામાં મોટો ઉપસર્ગ સમજવો.

દરેક સાધકરૂપ વીરને ત્રણ સ્થળો ઓળંગવા પડે છે (૧) માયારૂપ વ્યંતરીનો ગુસમાર, (૨) દ્વંદ્વના સમાગમરૂપ સંગમ દેવનો ઉપસર્ગ અને (૩) ઇંદ્રિય વિષયોરૂપ ગોવાળિયાઓનો ઉપસર્ગ. આ ત્રણે પરીષહો અસહ્ય છે. કાચાપોચા પણ મહાન્ દેખાતા યોગી લોકો આ ત્રણ સ્થળમાંથી કોઇ પણ સ્થળે માર ખાઇ બેસે છે. જે મહાન્ વિચારવાન છે અને કેવળ નિજસ્વરૂપમાં અપ્રમતપણે, પૂર્ણ જાગ્રતપણે કે દ્રષ્ટાપણે રહે છે તે મહાન્ સાધક–મહાવીર જ આ ત્રણે અસહ્ય ભયંકર પરિચયોને પણ ઓળંગી જાય છે. એટલા માટે જ કહ્યું છે કે માયા, દ્વંદ્વ અને ઇંદ્રિય-વિષયોને જીતનાર સાધક મહાત્મા ખરેખર મહાવીર જ છે સામાન્ય સાધકોએ આ ત્રણ સ્થળોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે આત્મધ્યાનમાં મસ્ત રહેવું અને એ ત્રણે પરિચયોના પ્રસંગમા પૂર્ણ જાગ્રત રહેવું. એ ત્રણેની છેતરપિંડીમાંથી બચવાનો ઉપાય માત્ર આત્મસ્વરૂપમાં નિમગ્નતા સાથે વિચારદશા છે શ્રીજ્ઞાનસારમા કહ્યું છે કે—

ध्यानवृष्टेर्दयानद्याः, शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥

શબ્દાર્થ— ધ્યાનરૂપી વૃષ્ટિથી, દયારૂપી નદીનું સમતારૂપ પૂર પ્રસરતે સતે વિકારરૂપી તીર[કાંઠા] ઉપર વૃક્ષોનુ મૂળમાંથી ઉન્મૂલન થાય છે

તેથી વિચારકો શુદ્ધ વિચારવડે એવા ભયંકર પરિચયોમાંથી બચી શકે છે. શુદ્ધ વિચાર જ એવા સમયમાં વૈદ્યનું કામ કરે છે. સદ્ગત પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર આ વસ્તુને બીજી રીતે ઘટાવે છે કે—

આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.

ટુંકમાં વાત એક છે કે જાગ્રત હોય તે જ શુદ્ધ વિચારદ્વારા વિભાવમા નહિ લેપાતાં નિજસ્વરૂપમાં નિમગ્ન રહે છે.

આત્મજ્ઞાનીના ધારણાઓરૂપ સર્વ અભિગ્રહો શુદ્ધ, ઉચ્ચ ભાવનારૂપ ચંદનબાળા પૂર્ણ કરે છે. શ્રીજ્ઞાનાર્ણવમા કહ્યુ છે કે—

भावनास्वासु संलीनः करोत्यध्यात्मनिश्चयम् ।
अवगम्य जगद्वृत्तं विषयेषु न मुह्यति ॥

અર્થ—આ ભાવનાઓમા લીન થયેલ પુરુષ જગતના વૃત્તાતને જાણી અધ્યાત્મનો નિશ્ચય કરે છે અને જગતના પ્રવર્તનમા તથા ઇંદ્રિયવિષયોમા મોહિત થતો નથી.

વળી શ્રી જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કે—

एता मुनिजनानन्दसुधास्यन्दैकचन्द्रिकाः ।
ध्वस्तरागाद्युरुक्लेशा लोकाग्रपथदीपिकाः ॥

અર્થ—આ ભાવનાઓ મુનિજનોના આનંદરૂપ અમૃત ઝરવાને ચન્દ્રમાની ચાંદની સમાન છે. કેમકે આથી રાગાદિના મોટા ક્લેશ, ધ્વસ્ત થઇ જાય છે અર્થાત આ ભાવનાયુક્ત પુરુષને કષાયરૂપ પરિણામ થતા નથી અને આ ભાવનાઓ લોકાગ્રપથ [મોક્ષમાર્ગ] નો પ્રકાશ કરનારી દીપિકા [ચરાગ] છે

આવી શુદ્ધ, ઉચ્ચ *ભાવનાદ્વારા આત્મારૂપ મહાવીરનો

---

*मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ॥

અર્થાત્–સુખ, દુઃખ, પુણ્ય અને પાપ વિષયક ક્રમે કરી મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના કરવાથી ચિત્તપ્રસાદ [અંતઃકરણનો નિર્મળ આનંદ] પ્રાપ્ત થાય છે.

શ્રીપાતંજલ યોગદર્શન.

મેળાપ થતાં જ સંસારરૂપ બેડીઓ-બંધનો તૂટી જાય છે અને પૂર્ણ સંતોષરૂપ સોનામહોરોની વૃષ્ટિ થાય છે; કેમકે શ્રી ષોડશક ગ્રંથમાં કહ્યું છે કે—

परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥

અર્થ:—અન્ય જીવોના શ્રેય માટે લાગણી તે મૈત્રી, અન્ય જીવોના દુ:ખનો અંત લાવે તેવી ઊંડી લાગણીથી યથાશક્તિ પ્રયત્ન કરવો તે કરુણા, અન્ય જીવોની સુખ-સમૃદ્ધિ દેખી પ્રમુદિત થવું તે મુદિતા અને અન્ય જીવોના દોષો તરફ રાગ-દ્વેષ નહિ લાવતા તેમને કર્મવશવર્તી જાણી સમભાવે રહેવું તે ઉપેક્ષા ભાવના છે

ઇંદ્રિય-વિષયોરૂપ ગોવાળિયાના ઉપસર્ગને નહિ ગણકારતાં જે ઇંદ્રિયોરૂપ ગાયોને વશ કરીને દોહી લે છે તેજ ખરો યોગી છે. ઇંદ્રિયોરૂપ ગાયોને દોહતાં રખાતું આસન તે +ગોદોહાસન છે.

+स्थानासनविधानानि, ध्यानसिद्धेर्निबन्धनम् ।
नैकं मुक्त्वा मुनेः साक्षाद्विक्षेपरहितं मनः ॥

અર્થ—ધ્યાનની સિદ્ધિના અર્થે સ્થાન અને આસનના વિધાન છે તેથી આમાંથી એકપણ ન હોય તો મુનિ [ધ્યાતા]નું ચિત્ત વિક્ષેપ રહિત થતું નથી. જ્ઞાનાર્ણવ.

આસન-જયથી [સ્થિર આસન દૃઢ થવાથી] ઉત્થાનવૃત્તિ ઉપશમે છે; ઉપયોગ અચપળ થઇ શકે છે, નિદ્રા ઓછી થઇ શકે છે.

શ્રીમદ્ રાજચંદ્ર.

પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન તથા કાયોત્સર્ગ વગેરે આસનો છે, પણ સાથે આચાર્યમહારાજો કહે છે કે જે જે આસન કરવાથી મન સ્થિર થાય તે તે ધ્યાનને સાધનાર આસન સમજવું

ગાયોરૂપ ઈંદ્રિયોને દોહ્યા કરતો યોગી-ગોદોહાસને બેસેલ યોગી રૂપ મહાવીર સ્વરૂપાનંદનો અનુભવ કરતાં કરતાં આત્માના અખંડ અનુભવને મેળવે છે અનંતજ્ઞાન-દર્શન-ચારિત્ર-બલ-આનંદ સ્વભાવવાળા આત્માનો અખંડ અનુભવ એ જ કેવળ-જ્ઞાન કહેવાય છે શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે કે —

કેવળ નિજ સ્વભાવનુ, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

આ સ્થિતિમા સાધક મટીને સિદ્ધ થાય છે, કલ્પવાસી મટીને કલ્પાતીત થાય છે. જે જાણવાનુ, અનુભવવાનુ હતું તે આત્મ-સ્વરૂપ સંપૂર્ણપણે જાણ્યું, અનુભવ્યું તેથી સર્વ વિધિ અને નિષેધોથી આગળ આવો સિદ્ધ મહાત્મા ગયેલ હોય છે. જે વિધિ-નિષેધરૂપ દ્વંદ્વમા આખુ વિશ્વ સપડાયેલું જણાય છે તેનાથી અખંડ આત્માનુભવી સદાને માટે મુક્ત થાય છે જેણે સર્વોત્કૃષ્ટ જાણવા-અનુભવવા યોગ્ય જાણ્યું અને અનુભવ્યું તેને વિધિ-નિષેધ શાના હોય ! એટલા માટે જ કેવળજ્ઞાનીઓ-અખંડ આત્મજ્ઞા-નીઓ કલ્પાતીત કહેવાય છે.

પ્રથમ +વિધિનિષેધનુ પાલન કરવાથી કર્મની નિર્જરાનો

+શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યુ છે કે—

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથે રહેલ.

જે ક્રિયા કરવાથી અનેક ફળ થાય તે ક્રિયા મોક્ષાર્થે નહિ. અનેક ક્રિયાનુ ફળ એક મોક્ષ થવો તે હોવુ જોઇએ. આત્માના અંશો પ્રગટ થવા માટે ક્રિયાઓ વર્ણવી છે જો ક્રિયાઓનું તે ફળ ન થયુ તો તે સર્વ ક્રિયા અસારના હેતુઓ છે.

લાભ મળે છે. નિર્જરાથી મનોશાન્તિ થતાં આત્મધ્યાન સુખે કરી શકાય છે અને આત્મધ્યાનદ્વારા આત્માના અખંડ અનુભવરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. પછી આત્માના અખંડ અનુભવથી કોઈ અધિક પ્રાપ્તવ્ય છે જ નહિ, છેવટમાં છેવટનું પ્રાપ્તવ્ય તે આત્માનો અખંડ અનુભવ છે અને તે શાશ્વત રહે છે. એ અનુભવની આડે કોઇપણ સંયોગો આવી શકતા જ નથી. છેવટમાં છેવટના પ્રાપ્તવ્યની પ્રાપ્તિ સાથે જ વિધિનિષેધો પૂર્ણ થાય છે, કેમકે જે હેતુ માટે વિધિ-નિષેધોની જરૂર હતી તે હેતુ પૂર્ણ થવાથી વિધિ-નિષેધો પણ પૂર્ણ થાય છે. જેમ કાંટાવડે પગમાં વાગેલ કાંટાને કાઢ્યા પછી બન્ને કાંટાનો ત્યાગ કરવામા આવે છે તેમ વિધિ-નિષેધરૂપ કાંટાવડે સંસાર-ભયરૂપ કાંટો કાઢી નાંખ્યા પછી બન્ને કાંટાનો ત્યાગ કરવામાં આવે છે જ્યારે વિધિ-નિષેધ એ એક જાતની પરતંત્રતા અને પરવસ્તુ છે ત્યારે આત્માનો અખંડ અનુભવ એ પૂર્ણ સ્વતંત્રતા અને સ્વવસ્તુ છે. †અખંડ આત્મજ્ઞાની-કેવલીને કશું કર્તવ્ય-પ્રાપ્તવ્ય હોતું જ નથી. જ્યાં આખા વિશ્વના ખુલાસારૂપ કેવળજ્ઞાન-અખંડ આત્મજ્ઞાન નથી હોતું ત્યાં જ વિધિ-નિષેધ હોય છે

× કેવળજ્ઞાન એટલે શુદ્ધજ્ઞાન, અદ્વૈતજ્ઞાન, અપ્રતિહતજ્ઞાન, દેશકાલ વસ્તુ પરિચ્છેદરહિતજ્ઞાન, સત્યજ્ઞાન, પૂર્ણજ્ઞાન, અવિનાશી-

---

† निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः ॥

× આત્મા જ્યારે અત્યંત શુદ્ધજ્ઞાન સ્થિતિ ભજે ત્યારે તેનું નામ કેવળજ્ઞાન મુખ્યપણે છે. સર્વ પ્રકારના રાગ-દ્વેષનો અભાવ થયે અત્યંત શુદ્ધ જ્ઞાનસ્થિતિ પ્રગટવા યોગ્ય છે. તે સ્થિતિમાં જે કંઇ જાણી શકાય તે કેવળજ્ઞાન છે અને તે સંદેહ યોગ્ય નથી જગતનું જ્ઞાન થવું તેનું નામ કેવળજ્ઞાન મુખ્યાર્થપણે ગણવા યોગ્ય નથી, જગતના જીવોને

જ્ઞાન, અનંતજ્ઞાન, શુદ્ધ ચૈતન્યજ્ઞાન, પૂર્ણ અનુભવજ્ઞાન, આત્મજ્ઞાન, ત્રિકાળજ્ઞાન, ભ્રાન્તિરહિતજ્ઞાન, પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન, અવાચ્યજ્ઞાન, અલૌકિકજ્ઞાન, શબ્દાતીતજ્ઞાન, અક્ષરાતીતજ્ઞાન, ઈશ્વરી જ્ઞાન, અવિરુદ્ધજ્ઞાન, અખંડ આત્માનુભવજ્ઞાન વગેરે કેવળજ્ઞાન-અખંડ આત્મજ્ઞાન એ વિશ્વવ્યાપક વસ્તુ છે. લોકાલોકના-વિશ્વ અને તેની પેલી પારના સર્વ ભાવો કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે. સર્વ ભાવો કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત છે; કેવળજ્ઞાન એ જ સંપૂર્ણ જ્ઞાન હોવાથી કેવળજ્ઞાનથી બહાર કાંઈ નથી જ. સર્વ કેવળજ્ઞાનમાં-આત્માના અખંડ અનુભવજ્ઞાનમા જ છે આવા પુરુષ માટે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે શ્રી જ્ઞાનસારમા કહ્યું છે કે:—

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानंदपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

શબ્દાર્થ:—જ્ઞાનાદિરૂપ આત્માની લક્ષ્મીથી થતા સુખમા મગ્ન અને સત્, ચિત્ત અને આનંદપૂર્ણ પુરુષને અખિલ જગત્ લીલાવડે આસક્ત-સ્વગુણવિલાસમા રમણ હોય તેમ પૂર્ણ દેખાય છે.

હવે તો તે આત્માના અખંડ અનુભવી પુરુષ જન્મ અને મૃત્યુના સકલ ભયોથી મુક્ત થાય છે. કેવળ આત્માનંદ પૂર્ણ બની રહે છે

અખંડ આત્માનુભવીરૂપ મહાવીરના પ્રશસ્ત રાગરૂપ ગૌતમ પ્રથમ સેવક છે પ્રશસ્ત રાગયુક્ત મનરૂપ ગૌતમ ગણધર અખંડ આત્માનુભવોના પહેલી પંક્તિના શિષ્ય હોય છે. ગૌતમરૂપ ગણધર કે ગણપતિમાં રાગ-પ્રશસ્ત રાગ હોય ત્યાં સુધી

વિશેષ લક્ષ થવા અર્થે વારવાર જગતનું [illegible] સાધું છે અને તે કંઈ કલ્પિત છે એમ નહિ પણ તે પ્રત્યે અભિનિવેશ કરવા યોગ્ય નથી. જગતના જ્ઞાનનો લક્ષ મૂકી શુદ્ધ આત્મજ્ઞાન છે એમ વિચારતા આત્મદશા વિશેષપણું ભજે છે.

આત્માનો અખંડ અનુભવ ન થાય; કેમકે શ્રીકલ્પસૂત્રમાં કહ્યું છે કેઃ—

मुक्खमग्गपवण्णाणं सिणेहो वज्जसिंखला ।

અર્થ—મોક્ષમાર્ગમા પ્રવર્તેલાઓને સ્નેહ એ વજ્રની સાંકળ સમાન છે; પણ જ્યારે—

जारिस सिद्ध सहावो, तारिम सहावो सव्वजीवाणं ।

શ્રીસિદ્ધપ્રાભૃત.

અર્થાત્—જેવું સિદ્ધ ભગવાનનું આત્મસ્વરૂપ છે તેવું સર્વ જીવોનુ આત્મસ્વરૂપ છે

અન્ય પુરુષોમાં જેવી પ્રભુતા છે તેવી પોતાનામા જ સમજે અને અન્ય ઉપરનો પ્રશસ્ત રાગ પણ દૂર કરે ત્યારે આત્માનો અખંડ અનુભવ થાય ગૌતમસ્વામી જ્યાં સુધી મહાવીર પ્રભુમાં જ પ્રભુતા સમજતા હતા અને +રાગ રાખતા હતા ત્યાસુધી

+ શ્રીગોતમસ્વામીનો પ્રશસ્ત રાગ, ક્ષાયોપશમિક રત્નત્રયનો નો દીપક હતો, પણ શ્રી વી- વિદ્યમાન છતાં રાગની મંદતા થઇ નહીં. કેમકે છતે કારણે રાગ ટળવો દુષ્કર છે; પણ જ્યારે કારણ ગટયું અને રાગની અવસ્થા અટકી ત્યારે શ્રેણી થઈ પ્રશસ્ત રાગ સર્વ જીવોને ક્ષાયોપશમિક રત્નત્રયીનો વિરોધી નથી, ક્ષાયકતાની ઈહાયુક્ત ક્ષાયીકતા નજીક કરે, પરંતુ ક્ષાયિક રત્નત્રયી થવા દે નહિ.

શ્રીમદ્ દેવચંદ્રજી.

તેવી જ રીતે શ્રીપદ્મવિજય મહારાજ ' ભાવવ્યાપારી-સવનુ સ્વરૂપ ' નામના પદમા કહે છે કે—

ક્ષય ઉપશમ જે ભાવના વણઝારારે, પોઠે ભર્યા ગુણરા અહો મારા નાયક રે. ક્ષાયકભાવે તે થશે વણઝારારે,

તેમને કેવળજ્ઞાન-અખંડ આત્મજ્ઞાન થયુ નહોતુ; પણ જયારે પ્રશસ્ત રાગયુકત મનરૂપ ગૌતમમાં એમ નિશ્ચય થાય કે 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય' અર્થાત્ જેવું મહાવીર પ્રભુ વગેરે અનત તીર્થંકરોમા પભુત્વ છે તેવું મારામાં પણ છે અથવા તો 'જિનપદ નિજપદ એકતા, ભેદ-ભાવ નહીં કાંઇ' એમ સમજી કેવલ સ્વાશ્રયમાં અવાય ત્યારેજ રાગવૃત્તિ દૂર થતાં અખડાનુભવ-કેવળજ્ઞાન થાય છે આ રીતે સાધકમાંથી સિદ્ધ થયેલ અખડ આત્મજ્ઞાની મહાવીર શાશ્વત જીવન ભોગવે છે.

× સર્વ આત્મા સરખા છે જેટલા યથાર્થ સમજે છે તેટલાને ભાષામા કેવળી કે મહાવીર કહેવામાં આવે છે અને નથી સમજતા તેને છદ્મસ્થ કહેવામાં આવે છે આ એક જાતની ભાષાશૈલિ છે. શ્રી સ્વાનુભવદર્પણમાં કહ્યુ છે કે—

લાભ હોશે અપાર; અહો૦ ઉત્તમ વણજ જે એમ કરે
વણઝારારે પદ્મ નમે વારંવાર અહો મારા નાયક રે.

શ્રી જૈન કાવ્ય પ્રવેશ.

× जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु ।
हउ जाणेविणु जोइआ अण्ण म करहु वियप्पु ॥

પરમાર્થ:-આપણા આત્મામા પણ શક્તિરૂપે અર્થાત્ અપ્રકટપણે કેવળજ્ઞાનાદિ ગુણ ભરેલો છે અને અરિહંત સિદ્ધ મહારાજાને પણ કેવળજ્ઞાનાદિ ગુણ છે, પરતુ એમને પ્રકટપણે છે અને આપણને અપ્રકટપણે છે. બન્ને આત્મામા બીજો કાંઈ ભેદ નથી, માટે ફોકટ ભ્રમમા પડી ખેદ ન કરો અને ઉદ્યમ કરો કે જેથી કર્મનો ક્ષય થઈ જાય એટલે આપણે પણ પ્રકટરૂપે આત્માના કેવળજ્ઞાનાદિ ગુણ દેખીએ.

जो जिणु सो अप्पा मुणहु इह सिद्धंतहु सारु ।
इउ जाणेविणु जोयइहु छंडहु मायाचारु ॥

અર્થાત્-જિન જેવો નિજ આત્મા, નિશ્ચય ભેદ ન રંચ;
એ જ સાર સિદ્ધાન્તનો, છાંડો સહુ પ્રપંચ.

ભાવાર્થ—જિનેશ્વર ભગવાનમા જે આત્મા છે અને આપણામાં જે આત્મા છે તે બન્નેમાં નિશ્ચયનયે કાંઇ (જરામાત્ર પણ) ભેદ નથી; મ બીજી સઘળી ખટપટ છોડી સિદ્ધાન્તના સારરૂપ એમ તને શ્રદ્ધાપૂર્વક માનો.

સિદ્ધ પરમાત્મ માં કાંઇ વધુ ઐશ્વર્ય નથી અને કીડી, મંકોડા તથા વાગના સૂક્ષ્મતમ જીવોમાં કાંઇ ઓછું ઐશ્વર્ય નથી. સર્વત્ર સમાન ઐશ્વર્ય છે, આવો અચળ સિદ્ધાન્ત છે. જેઓ આ અચળ સિદ્ધાન્તને યથાતથ્ય સમજીને સર્વાત્માઓમાં મહાવીર પ્રભુની ભાવના રાખશે તેઓ આત્માના અખંડ અનુભવરૂપ કેવળજ્ઞાનને સંપ્રાપ્ત કરી મહાવીરપદને પામશે. इत्यलम् ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशम्, सर्वत्र सुखीभवतु लोकः ॥

રાગ-સોરઠ.

આતમ ધ્યાન સમાન, જગતમે,
 સાધન નવિ કોઉ આન-જ૦

રૂપાતીત ધ્યાનકે કારણ,
 રૂપસ્થાદિક જાન;
તાહુમેં પિંડસ્થ ધ્યાન કુન,
 ધ્યાતાકું પરવાન- જ૦ ૧.

તે પિંડસ્થ ધ્યાન કિમ કરિયે,
 તાકો એમ વિધાન;
રેચક પૂરક કુંભક શાંતિક,
 કર સુખમન ઘર આન- જ૦ ૨.

પ્રાન સમાન ઉદાન વ્યાનકું,
 સમ્યક્ ગ્રહહું અપાન;
સહજ સુભાવ સુરંગ સભામેં,
 અનુભવ અનહદ તાન- જ૦ ૩.

કર આસન ધર શુચિતમ મુદ્રા,
 ગ્રહી ગુરુગમ એ જ્ઞાન;
અજપા જાપ સોઽહં સુસમરન,
 કર અનુભવરસ પાન- જ૦ ૪.

આતમ ધ્યાન ભરત ચક્રી લહ્યો,
 ભવન આરિસા જ્ઞાન;
ચિદાનંદ શુભ ધ્યાન જોગ જન,
 પાવત પદ નિરવાણ- જ૦ ૫.

પદ-સાખી.

આતમ અનુભવ રસિકકો, અજબ સુન્યો વિરતંત ;
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત.

રાગ-રામગ્રી

મ્હારો બાલુડો સન્યાસી,
દેહ દેવલ મઠવાસી— મ્હારો૦

ઇડાપિંગલા મારગ તજી જોગી,
સુષમના ઘરવાસી;
બ્રહ્મરંધ્ર મધી આસન પૂરી બાબુ,
અનહદ તાન બજાસી— મ્હારો૦૧.

યમ નિયમ આસન જયકારી,
પ્રાણાયામ અભ્યાસી;
પ્રત્યાહાર ધારણા ધારી,
ધ્યાન સમાધિ સમાસી—મ્હારો૦૨

મૂલ ઉત્તર ગુણ મુદ્રાધારી,
પર્યંકાસન ચારી;
રેચક,પૂરક, કુંભક સારી,
મન ઇંદ્રિય જયકારી— મ્હારો૦૩

થરતા જોગ જુગતિ અનુકારી,
આપોઆપ વિમાસી;
આતમ પરમાતમ અનુસારી,
સીઝે કાજ સમાસી— મ્હારો૦૪.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજ.

શ્રી પોરબંદરમાં

પૂજ્ય મહારાજ શ્રી કાનજીસ્વામીનું

ક્ષમાપના વિષય પરનું

વ્યાખ્યાન.

વિ. સં. ૧૯૮૭—પર્યુષણ.

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मेत्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणई ॥

व्रत-नियमोंसे आत्मज्ञानका, कर यत्किंचित् भान.
क्षमादानका विनतभावसे, याचक हुं श्रीमान्.
विगत कालमें हुए कभी हों, लघु-महान् अपराध,
क्षमा कीजिये क्षमावान हे ! करके कृपा अगाध.
नव दिनोपम स्नेह-कुसुमका, हो नित मंजु विकास,
परिमलसे जिसकी आवृत हो, अवनीतल आकास.

ખરાં જ્યાં માફીનાં શબ્દો, નથી ત્યાં વૈર અંતરમાં;
અહો ! એ દિવ્ય માફીમાં, દયાના મેઘ પ્રગટે છે.

× × × ×

ભલી એ માફીની સેવા, અમારા દિલમાં વસજો:
બુદ્ધચાબ્ધિ આત્મવત્ દુનિયા, થઈ ત્યાં માફી એ પૂરી

શ્રીપર્યુષણ–ક્ષમાપના.

ક્ષમા માગવાથી જીવ ચિત્ત–પ્રસન્નતાને ઉત્પન્ન કરે છે; ચિત્તપ્રસન્ન જીવ સર્વ પ્રાણ [બે, ત્રણ, ચાર ઇન્દ્રિયોવાળા], ભૂત [વનસ્પતિકાય], જીવ [પંચેન્દ્રિયવાળા] અને સત્ત્વ [બાકીના જીવો] પ્રત્યે પરહિતચિંતવનરૂપ મૈત્રીભાવને ઉત્પન્ન કરે છે તથા તે મૈત્રીભાવપ્રાપ્ત જીવ રાગ–દ્વેષના અભાવ-રૂપ ચિત્તવિશુદ્ધિ કરીને નિર્ભય થાય છે.

શ્રીઉત્તરાધ્યયન સૂત્ર.

સગ્રાહક—

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

કાપડિયા–ભાવનગર બંદર.

નિવેદન.

કાઠિયાવાડના કોહિનૂરરૂપ પૂજ્ય આત્માર્થી મુનિમહારાજ શ્રી કાનજીસ્વામીથી કોણ અજાણ્યું છે ! તેમના ભાવવાહી વ્યાખ્યાનો હૃદયને સ્પર્શતાં જીવને સત્ય કર્તવ્યપરાયણતાનું ભાન કરાવે છે તે સૌ કોઈ શ્રોતાએ અનુભવ્યું છે આવા વ્યાખ્યાનની પ્રસાદી માટે અનેક ભાવિક જનોની માંગણીઓ આવે છે. તેઓશ્રીના વ્યાખ્યાનના સારરૂપ વચનામૃતો 'શ્રી જૈન પ્રકાશ'માં 'શ્રી વીર વાણી' શીર્ષક નીચે બહુશ છપાયા છે. કેટલાક ઉત્સુક બંધુઓ તે વાણીનો હિન્દી અનુવાદ કરવાની રજા માંગે છે. આવી જન-ઉત્સુકતાથી આકર્ષાઈ તેઓશ્રીનું આખું વ્યાખ્યાન ઝીલવાનું મન થયુ અને તે ઝીલવાનો પ્રસંગ સ્વર્ગસ્થ દાનવીર શેઠ શ્રી દેવીદાસભાઇ લક્ષ્મીચંદભાઇ ધેવરિયાના પ્રેમાળ આમ ત્રણને આભારી છે. તે માટે તેમનો ઉપકાર માની સમાજના ચરણે આ કર્તવ્યસૂચક, કાર્ય-કારણ પ્રતિપાદક, આત્મસાધનદર્શક વ્યાખ્યાન ધરૂ છું; આ વ્યાખ્યાન સૌને સત્યમાર્ગે હૃદય-પલટામા ઉપયોગી-અનુકૂળ થાઓ તેવી ભાવના ભાવી વિરમું છું.

આમા રહેલી ત્રુટીઓની જવાબદારી મારા ઉપર છે અને તે માટે વાચકોની ક્ષમા યાચુ છુ સુજ્ઞ જનો તે સપ્રેમ સૂચવી આભારી કરશે તેવી આશા રાખતો—

સંઘસેવક,

હરિલાલ.

॥ ॐ ॥

॥ क्षमा वीरस्य भूषणम् ॥

શ્રી પર્યુષણ–ક્ષમાપના.

મંગલાચરણ.

મહતત્ત્વ મહનીય મહ, મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાત્મા, વંદો રમતારામ

संबुज्झहा जन्तवो ! माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलम्भो ।
एगन्तदुक्खे जरिए व लोए, सकम्मुणा विप्परियासुवेइ ॥

श्रीसूत्रकृतांगसूत्र.

ભાવાર્થ:—હે જીવો ! તમે સમ્યક્પ્રકારે બૂઝો. ધર્મપ્રાપ્તિને અતિ દુર્લભ જાણીને બૂઝો; ધર્મ વિમુખને મનુષ્યપણુ પ્રાપ્ત થવુ મહાદુર્લભ છે એમ જાણીને તથા નરકાદિ દુર્ગતિના તીવ્ર દુખોના અનેક ભયો દેખીને પણ બૂઝો. અજ્ઞાનીને સદસદ્ વિવેક પામવો અલભ્ય છે તે કારણથી પણ બૂઝો, અથવા તો આ લોકને જ્વરાક્રાંત જીવની માફક એકાંત દુખી દેખીને પણ બૂઝો અને સર્વ જીવ પોતાના કર્મે કરી સંસારમા વિપર્યાસપણું પ્રાપ્ત કરે છે તેનો વિચાર કરીને પણ બૂઝો.

સજ્જનો ! આજનો મંગલ દિવસ–પવિત્ર દિવસ પર્યુષણ કહેવાય છે. પર્યુષણનો પરમાર્થ એ થાય છે કે આત્મા જે અનંતકાળથી પરભાવમાં–રાગદ્વેષમાં જોડાઇ રહ્યો છે તેનો મિથ્યાનંદ મૂકીને સમસ્ત પ્રકારે સ્વભાવમાં–આત્મધર્મમાં–આત્માનંદમાં રહેવું.

મૃગાપુત્ર જેવાને તો નિરંતર પર્યુષણ જ છે, કેમકે તેમનો આત્મા રાત્રિદિવસ જડ–ચૈતન્યની વહેંચણના ઉપયોગમાં રત છે.

જ્યારે કષાયમાં જ જેને હિત દેખાય છે, મનાય છે તેને અકષાયી ભાવ આદરણીય ન જ લાગે તે સ્વાભાવિક છે. આવા જીવોને શ્રી વીરપ્રભુ બાળજીવો કહે છે.

શ્રમણ ભગવંત શ્રીવીર પ્રભુ કહે છે કે.—

न कम्मुणा कम्म खवेन्ति बाला,
अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेहाविणो लोभमयावतीता,
संतोसिणो नो पकरेन्ति पावं ॥

श्रीसूत्रकृतांगसूत्र.

અર્થ —બાળ (કદાગ્રહી, અજ્ઞાની) જીવો સાવદ્ય, નિરવદ્ય ભેદને નહિ જાણતા હોવાથી સાવદ્ય કર્મ કરે છે અને તેથી પાપકર્મને ક્ષય કરતા નથી, જ્યારે ધીર પુરુષો આશ્રવ-નિરોધવડે સકળ કર્મને ખપાવે છે; તથા નિર્મળ બુદ્ધિવાળા અને લોભમય-પરિગ્રહરહિત સંતોષી પુરુષો પાપ કરતા નથી અર્થાત અસદ્ અનુષ્ઠાનથી થનારાં દુષ્કૃત્ય-પાપકર્મ કરતાં નથી.

શ્રીવીર પ્રભુએ ×પર્યુષણ-દિવસે દ્રવ્યથી, આહારનો કણ અને પાણીનું બિન્દુ નહિ લેવાનું સંતોને ફરમાવ્યુ છે અને ભાવથી ક્રોધાદિ કષાયરૂપ ખોરાકનો ત્યાગ કરવાનો ઉપદેશ આપ્યો છે.

શ્રી વીર પ્રભુ સિદ્ધાન્તને વિષે કષાયનો અભાવ કરવાનું અર્થાત્ અકષાયી થવાનું મુખ્યત્વે કહી રહ્યા છે. જે વ્રત નિયમનું છેવટ ક્રોધાદિ કષાયના અભાવમાં આવે તે જ વ્રત-નિયમો ગણતીમાં આવે. જો કષાય મંદ ન પડે, પ્રકૃતિ શાન્ત ન થાય,

× પર્યુષણ દિન તે સંવત્સરી-ભાદરવા શુદ પંચમી. તેના પહેલાનાં સાત દિવસો છે તે તેના ઉત્સવ-દિવસો છે

આત્મ-સ્વભાવ પ્રકટ ન થાય તો જ્ઞાની મહારાજ તેને ગણતરીમાં ગણતાં નથી.

શ્રી ઔપપાતિક સૂત્રમાં રાજાધિરાજ શ્રીબિમ્બિસારના પુત્ર શ્રી કોણિક મહારાજનો અધિકાર છે. શ્રી કોણિક મહારાજા શ્રી શ્રમણ ભગવંત મહાવીર પ્રભુ સમીપે ધર્મ શ્રવણ કરી, અવધારી, હ્રદયતુષ્ટ થઇ-આનંદ પામી શ્રી વીર પ્રભુને ત્રણ વખત-હાથ જોડીને-પ્રદક્ષિણા કરી, વંદના અને નમસ્કાર કરી કહેવા લાગ્યા:—

सुअक्खाए ते भंते ! णिग्गंथे पावयणे एवं सुपण्णत्ते, सुभासिए, सुविणीए, सुभाविए अणुत्तरे ते भंते ! णिग्गंथे पावयणे धम्मं णं आइक्खमाणा तुब्भे उवसमं आइक्खह, उवसमं आइक्खमाणा विवेगं आइक्खह, विवेगं आइक्खमाणा वेरमणं आइक्खह, वेरमणं आइक्खमाणा अकरणं पावाणं कम्माणं आइक्खह, णत्थि णं अण्णे केइ समणे वा माहणे वा जे एरिसं धम्माइक्खित्तए, किमगं पुण इत्तो उत्तरतरं ?

હે ભગવંત ! આપે નિર્ગ્રંથ પ્રવચનને રૂડી રીતે પ્રરૂપ્યું છે, સુંદર શબ્દોમા વર્ણવ્યું છે, શિષ્યોમા ઉત્તમ રીતે કેળવ્યું છે, સારી રીતે ભાવિત કર્યું છે.

પ્રભુ ! આપની દેશના નિષ્ફળ ગઇ નથી, આપ જે ઉપદેશ આપી રહ્યા છો તે એકાગ્રતા વિના સમજાય તેમ નથી, મે તે એકાગ્રચિત્તે સાભલ્યો છે. મે આપના ન્યાયો, કહેવાના આશયો પકડયા છે. આપની દેશનાનો સાર ચાર બોલમા સમાય છે.

હે પ્રભુ ! હે નાથ ! આપશ્રી, ધર્મની વ્યાખ્યા કહેતાં થકા આત્માના સ્વભાવને-ક્રોધ, માન, માયા અને લોભના અભાવરૂપ સ્વભાવને -પામવું તેને ધર્મ કહો છો. આપ આત્મધર્મને કહેતા પહેલું વજન-

દબાણ ! **उवसमं आइक्खइ** ! તરફ જાય છે અર્થાત્ અનાદિ કાળનો ક્રોધાદિનો વેગ છે તે વેગને અટકાવો ! પ્રકૃતિને બદલાવો ! હૃદયનો પલટો કરો ! કષાયી વેગને પાછો હઠાવો ! તે સિવાય સમ્યગ્દર્શન સમજાશે નહિ.

આ તો *માર્ગાનુસારીપણુ છે; આ તો યોગ્યતા પામવાની પ્રથમ ભૂમિકા છે હવે કષાયના શબ્દાર્થ કહીએ:—

૧. ક્રોધ—મનનો ઉતાપ, હ્રુદયમા તણુતણાટ.

૨ માન—અભિમાન, અહકાર, અહતા, મોટાઈ

૩ માયા—કપટ, ઊંડાપણું, ઢિઠાઇ

૪ લોભ—તૃષ્ણા, મૂર્ચ્છા-આસક્તિ અર્થાત્ પ્રાપ્ત થયેલ પદાર્થ પર મૂર્ચ્છા અને અપ્રાપ્ત પદાર્થ માટે તૃષ્ણા

આ કષાયને પાતળા પાડવા માટે ભૂમિ તૈયાર કરવી પડશે. તે વિના સમ્યગ્દર્શનરૂપ મૂળિયું ફૂટશે નહિ હાલમાં ખમત-ખામણા [ક્ષમાપના] સ્નેહીઓ વચ્ચે-સંબધીઓ વચ્ચે કરાય છે; પણ જેના માટે હ્રુદયમાં વિરોધ હોય, દ્વેષ હોય તેની સાથે ખમાવવામા આવે-માફી માગવામા આવે તો જ સાચી ક્ષામણા [ક્ષમાપના] છે

જો અન્ય ઉપર દ્વેપ કરી, ઈર્ષા કરી હ્રુદયને વટલાવ્યું હોય, આક્રોશ-કર્કશ વચન બોલી મુખને અભડાવ્યુ હોય તો હ્રુદયનો ડંસ કાઢીને, વૈર-વિરોધ ભાવ કાઢીને માફી માંગવામાં આવે અને ફરીથી તેવી ભૂલ નહિ કરવાનુ કબૂલવામા આવે તો જ તે સત્ય ક્ષમાપના છે.

---

† આ સમ્યગ્દર્શન પામ્યા પહેલાંની પ્રવૃત્તિ છે.

* માર્ગાનુસારીના પાત્રીશ ગુણ જે પુરુષમાં હોય તે પુરુષ ધર્મને યોગ્ય જાણવો. આવા ગુણથી મનુષ્ય સમ્યક્ત્વી થાય છે, શ્રાવકધર્મ અને મુનિધર્મને પામે છે અને અંતે મુક્તિસુખને મેળવે છે.

વ્રત, યમ, નિયમ, તપશ્ચર્યા બહુ કરે પણ પ્રકૃતિ શાન્ત ન થાય તો તે શા કામના? વ્રત, જપ, તપ, ત્યાગ, સામાયિક, પૌષધ આદિ યમ-નિયમોનું ફળ ક્ષમા કે ક્રોધ? તે વિચારો. શ્રી વીરપ્રભુના ચાર તીર્થ છે તેમાંના પ્રથમ તીર્થરૂપ મુનિયોને ઉદ્દેશીને શ્રી મહાવીર પ્રભુ પરિષદ્‌ને ઉપદેશે છે કે –

'भिक्खू य *अहिगरणं कट्टु तं अहिगरणं अविओस-वेत्ता अविओसवियपाहुडे–इच्छाए परो आढाएज्जा, इच्छाए परो नो आढाएज्जा; इच्छाए परो अब्भुट्ठेज्जा, इच्छाए परो नो अब्भुट्ठेज्जा, इच्छाए परो वन्देज्जा, इच्छाए परो नो वन्देज्जा; इच्छाए परो संभुञ्जेज्जा, इच्छाए परो नो संभुञ्जेज्जा; इच्छाए परो संवसेज्जा, इच्छाए परो नो संवसेज्जा; इच्छाए परो उव-समेज्जा, इच्छाए परो नो उवसमेज्जा। जे उवसमइ, तस्स अत्थि आराहणा, जे न उवसमइ तस्स नत्थि आराहणा। तम्हा अप्पणा चेव उवसमियव्वं ॥

श्रीबृहत्कल्पसूत्र.

ભાવાર્થ:—સાધુ અથવા સાધ્વીને કદાચિત્ ક્રોધે કરી માંહોમાંહે ક્લેશ થયો હોય તો તરત જ શાન્ત કરી દેવો ને અરસપરસ ખમત-ખામણા કરી લેવા. ખમતખામણા કર્યા વિના કાંઈ પણ કામ કરવું નહિ; સામી વ્યક્તિને ખમાવવા જતા તે આપણને માન–આદર દે યા ન દે તે તેની મરજી; સામો ઊઠી ઉભો થાય યા ન થાય તે તેની મરજી;

---

* શ્રી પ્રભુએ બે પ્રકારના અધિકરણ કહ્યાં છે. ૧ બાહ્ય અધિકરણ અને ૨ અભ્યંતર અધિકરણ. બંદૂક, તરવાર, તીર વગેરે શસ્ત્ર તે બાહ્ય અધિકરણ; ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય તે અભ્યંતર અધિકરણ.

સામો આપણને વન્દે કે ન વન્દે તે તેની મરજી, સામો આપણી સાથે આહાર કરે કે ન કરે તે તેની મરજી; સામો આપણી ભેગો રહે યા ન રહે તે તેની મરજી; સામો આપણને ખમાવે કે ન ખમાવે તે તેની મરજી; જે ખમાવે તે ધર્મનો આરાધક અને જે ન ખમાવે તે ધર્મનો વિરાધક તે માટે આપણે પોતે તો ખમાવવુ જ

શ્રી વીર પ્રભુ, ખમાવ્યા વિના કાંઈપણ કામ નહિ કરવાનું કહીને ગોચરી-ભિક્ષાએ નહિ જવાનો, આહાર નહિ કરવાનો, દિશા-જંગલ નહિ જવાનો, વિહાર નહિ કરવાનો બોધ આપી રહ્યા છ આ સર્વ, હૃદયનો પલટો કરી શાન્ત થવાનુ સૂચવે છે. જો સામી વ્યક્તિ નહિ ખમાવતાં ક્રોધમાં નિયાણુ કરે તો તેના ફળ તેને એકલાને જ ભોગવવા પડશે પણ ખમાવી લેનાર વ્યક્તિને ભોગવવા પડશે નહિ ત્યારબાદ શિષ્ય શંકા કરે છે કે સામી વ્યક્તિ ન ખમાવે અને આપણે ખમાવવું તેનું શુ કારણ ?

શ્રી પ્રભુ-**उवसमसारं खु सामण्णं** અર્થાત્ સર્વ જીવ પાસે માફી માગવી એ જ સમજણપૂર્વક કરેલાં વ્રત, નિયમ, પ્રત્યાખ્યાનરૂપ સયમ [ચારિત્ર] નો સાર છે. બાકી અંદર ડંસ-ઈર્ષા-કષાય રાખીને વ્રત-નિયમ થાય તે તો એકડા વિનાના મીંડા બરાબર છે. તેની પુષ્ટિમા શ્રી વીર પ્રભુએ સૂત્રકૃતાંગ-સૂત્રમાં કહ્યું છે કે:-

अहिगरणकडस्स भिक्खुणो, वयमाणस्स पसज्झ दारुणं ।
अट्ठे परिहायइ बहू, अहिगरणं न करेज्ज पण्डिए ॥

અર્થાત્ કલહ-ક્રોધના કરનાર તથા પરોપઘાતિક વચનોના બોલનાર મુનિયોના મોક્ષના કારણરૂપ દુષ્કર તપ, સયમ ક્ષય થાય છે. એટલે કે તે સાધુએ ઘણા કાળનો મેળવેલ લાભ, ક્રોધ કરવાથી બળી જાય છે-નાશ પામે છે, તેથી જે પંડિત-વિવેકી મનુષ્ય હોય તે સ્વલ્પ પણ ક્રોધ ન કરે.

આ પ્રમાણે જ શ્રી વીર પ્રભુ શ્રીઆચારાંગસૂત્રમા ઉપદેશે છે કે-

बहुं च खलु पावं कम्मं पगडं । सच्चम्मि धिइं कुव्वहा ॥

અર્થાત્ ઘણા પાપકર્મો બાંધ્યા છે [અરે! છોડવાના ટાણે પણ બાંધ્યા છે] હવે સત્યમા કાંઇ ધીરજ ધર ! શાન્ત થા ! હૃદયનો પલટો કર !

અંતરમાંથી શલ્ય-શૂળ કાઢ, મહાપુરુષો તો મહાપથને નમે છે તો આત્મ-ધર્મરૂપ મહાપંથને નમ તો તારૂં વીરપણું ખરૂં.

હવે શ્રી કોણિક મહારાજા બીજો બોલ કહે છે કે:-

પ્રભુ ! આપે બીજો ભાર વિવેક ઉપર મૂકયો છે એટલે કે ક્ષમાભાવ પ્રકટ કરી વિવેકને પ્રકટ કરો ! ભેદજ્ઞાન પ્રકટ કરો અર્થાત્ જડ-ચૈતન્ય, ન્યાય-અન્યાય, સ્વભાવ-વિભાવના ભેદોને સમજો અને બાહ્યગ્રન્થિનો તેમજ આભ્યન્તર ગ્રન્થિનો પણ ત્યાગ કરો !

ત્યારબાદ શ્રી કોણિક મહારાજા કહે છે કે :—

પ્રભુ ! આપ વિવેકમાર્ગને દર્શાવ્યા પછી ત્રીજા બોલમા માનસિક નિવૃત્તિ પ્રાપ્ત કરવાનું કહો છો. તે પ્રાપ્ત કરવાને અસત્સંગ અને અસત્પ્રસંગથી દૂર રહેવું જોઈએ. શ્રીમદ્ રાયચંદભાઈ એક પત્રમાં કહે છે કે ' આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસગનું બળ ઘટે છે, સત્સંગના આશ્રયથી અસત્સગનું બળ ઘટે છે, અસત્સગનું બળ ઘટવાથી આત્મ-વિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે, આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે અને આત્મજ્ઞાનથી નિજ સ્વભાવ સ્વરૂપ, સર્વ કલેશ અને સર્વ દુ:ખથી રહિત એવો મોક્ષ થાય છે. વિચારની નિર્મળતાએ કરી જો જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. પણ અસત્સંગ પ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો

હીનસત્ત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઇ રીતે પુરુષાર્થ યોગ્ય થઇ વિચારદશાને પામે.' તે પ્રાપ્ત કરવાનું કહી રહ્યા છો

છેવટમાં શ્રી કોણિક મહારાજા કહે છે કે:—

હે પ્રભુ! ચોથા બોલમા સ્થૂલ કે સૂક્ષ્મ પાપ-કર્મ નહિ કરવાનો આપ ઉપદેશ આપી રહ્યા છો. અઢાર પાપસ્થાન ન સેવવા, આઠ કર્મ ન બાંધવાં એવો તમારો નિવૃત્તિ પથ છે. તે પથને પામવા માટે ધર્મ સાંભળ્યા વિના દિન પ્રત્યે રહેવુ નહિ; જો તેવો યોગ નિરંતર રહેતો ન હોય તો જે સત્પુરુષથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષ તુલ્ય જાણી વિચારવો તથા આરાધવો અને આરંભ-પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિ સંક્ષેપવાનો અભ્યાસ રાખી જેને વિષે ત્યાગ-વૈરાગ્યાદિ પરમાર્થ સાધનો ઉપદેશ્યાં છે તેવા ગ્રંથો વાંચવાનો પરિચય કર્ત્તવ્ય છે, અને અપ્રમત્તપણે પોતાના દોષ જોવા યોગ્ય છે.

ત્યારબાદ શ્રી વીર પ્રભુએ માન કષાયના સંબંધમા કહ્યુ છે કે--

निक्किंचणे भिक्खु सुलूहजीवी, जे गारवं होइ सिलोगकामी ।
आजीवमेयं तु अबुज्झमाणो, पुणो पुणो विप्परियासुवेन्ति ॥

ભાવાર્થ—સાધુ પોતાની પાસે એક પાઇ પણ ન રાખતો હોય એટલે કે અપરિગ્રહી હોય અને અંતપ્રાંત આહાર લેતો હોય તે જ ભિક્ષુ છે. તેવો સાધુ પણ જો અભિમાન કરતો હોય, શ્લાઘા-પ્રશંસાદિની વાંછા કરતો હોય તો તે માત્ર આજીવિકાનો કરનાર છે અને તે શુદ્ધ સંયમનો અજાણ હોઇને વારવાર વિપર્યાસને પામે છે અર્થાત્ ફરી ફરી જન્મ-મરણાદિથી સંસારને વિષે પણ પરિભ્રમણ કરે છે.

આ માની જીવોને આત્માના અકષાયી સ્વભાવનું ભાન હોતું નથી અને ચાર ગતિમાં રઝળ્યાં કરે છે. **શ્રી ચિદાનંદજી મહારાજ** કહે છે કે:—

જબ અંતર મદ અભાવ વહાવે, તબ ત્રિભુવન નાથ કહાવે.

અર્થાત્—જ્યારે અંતરથી મદ, માન, અહંકારને દૂર કરી આત્મા અંતરમાં ઊતરી જાય ત્યારેજ તે આત્મા ત્રણ ભુવનનો નાથ-તીર્થંકર પ્રભુ થાય છે-કહેવાય છે, જે પ્રભુના પગના તળિયાં ચોસઠ ઇન્દ્રો આવીને ચાટે છે.

વળી તે તીર્થંકર-પદનું માહાત્મ્ય તો જુઓ ! જડના પણ પલટા થઈ જાય છે, એટલે કે શ્રી પ્રભુ જ્યારે ચાલે છે ત્યારે કાંટાઓ ઊંધે મુખે થઇ જાય છે, ખાડ હોય ત્યાં પાજ થઇને સપાટ જમીન થઇ જાય છે આ બધો પ્રતાપ તે પૂર્વ ભવની નિર્માની દશાનો જ છે

તદુપરાત તે પ્રભુઓની માતાને પણ ધન્ય છે, કેમકે શ્રી જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં કહેલ છે કે 'જયારે માતા પ્રભુને જન્મ આપે છે ત્યારે ઇન્દ્ર મહારાજા આવીને કહે છે કે **णमोत्थु ते रयणकुच्छिधारिए जगप्पईवदाइए** વગેરે

અર્થાત્ તીર્થંકર પ્રભુ જેવા રત્નને કુખમાં ધારણ કરનારી, જગત-જીવોના સર્વ ભાવને પ્રકાશવાવડે દીવા સમાન પ્રદીપની દેનારી ! તને પ્રથમ નમસ્કાર છે.

આ બધો મહિમા નિરભિમાનપણાનો છે. અપમાન સહન કરવું, નિરભિમાની થવું એ આત્માનો સ્વભાવ છે, એમ જે સમજે તેમજ યથાતથ્ય વર્તે તે ત્રિભુવનપતિ થાય.

બે કષાયના સ્વરૂપ સંબંધી કહ્યા પછી હવે ત્રીજા માયા કષાય સંબંધી પ્રભુએ જે દેશનાદ્વારા કહ્યું છે તે સાંભળો-વિચારો.

ગૃહસ્થાશ્રમી શ્રાવકો માયા કરે નહિ તો મુનિયો માટે તો શું કહેવું ? શ્રી ભગવતીસૂત્રમાં તુગિકા નગરીના અધિકારે શ્રમણોપાસક [શ્રાવકો] નું વર્ણન વર્ણવતાં શ્રાવકોને **ऊसियफालिहा** અર્થાત્ સ્ફટિકરત્ન જેવા નિર્મળ ચિત્તવાળા, વળી **चियत्तंते उरघरप्पवेसा** અર્થાત્ જેઓ અત્યંત ધર્મચુસ્ત છે માટે તેઓ અંતપુર અને ગૃહ પ્રવેશ માટે નિ શંકાસ્પદ-પ્રતીતકારી ગણાય તેવા શીલવાન કહ્યા છે સંસારમાં રહેલા આવા નિર્મળ ચિત્તવાળા, સરલ, શીલવાન ગૃહસ્થાશ્રમીઓને પ્રભુશ્રી ભગવતી-જીવ-ભગવતી મનુષ્ય કહે છે. શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યુ છે કેઃ—

जइ वि य नगिणे किसे चरे, जइ वि य भुञ्जिय मासमन्तसो ।
जे इह मायाहि मिज्जई, आगन्ता गब्भाय णन्तसो ॥

અર્થાત્-આજ્ઞાથી ભ્રષ્ટ સાધુ નગ્ન (સર્વ બાહ્યપરિગ્રહ રહિત) રહેતો હોય, દુર્બળ શરીરે પણ વિચરતો હોય, વળી માસક્ષમણ કરીને માસને અંતે સળીના અગ્ર ભાગે રહે તેટલો જ આહાર વાપરતો હોય-જમતો હોય છતા તે આ સંસારમા માયા યુક્ત હોય-માયામા લુબ્ધ હોય, માયામા રાચતો હોય તો તે આગામિક કાળે અનંત ગર્ભાદિ દુઃખ પામે-અનંત સંસાર પરિભ્રમણ કરે

આ માયા અસત્ય બોલ્યા વિના થઈ શકતી નથી. વિશ્વાસઘાત કરવો તેનો પણ અસત્યમા સમાવેશ થાય છે. ખોટા દસ્તાવેજો કરવા તે પણ અસત્ય જાણવું તપ પ્રમુખ માનાદિની ભાવનાથી કરી આત્મહિતાર્થ કરવા જેવો ડોળ દેખાય તે અસત્ય જાણવું. શ્રાવકના બીજા વ્રતમાં જૂઠના પાંચ સ્થૂલ પ્રકારો દર્શાવ્યા છે વચન બોલતા પરમાર્થ સત્ય ઉપર ધ્યાન રાખી યથાસ્થિત એટલે જેવે પ્રકારે સમ્યક્ વસ્તુઓનાં સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કહેવાનો નિયમ દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે.

હવે છેલ્લા લોભ કષાય સંબંધી શ્રીવીરપ્રભુએ કહ્યું છે તે લક્ષપૂર્વક વિચારો. તેનો અર્થ એ છે કે વૃત્તિનું ગૃદ્ધિપણું, પ્રાપ્ત વસ્તુ માટે મૂર્ચ્છા અને અપ્રાપ્ત વસ્તુ માટે તૃષ્ણા–ઝંખના. લોભના ઘણા પ્રકાર છે. અહીં તે સંક્ષેપથી કહેશું. પ્રભુશ્રી શ્રીઉત્તરાધ્યયનસૂત્રના નમિ રાજર્ષિ–અધિકારે લોભ વિષે કહેતાં ઉપદેશે છે કે:—

सुवण्णरुपस्स उ पव्वया भवे,
सिआ हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि,
इच्छा हु आगाससमा अणंतिआ ॥

અર્થાત્–સુવર્ણ અને રુપાના કદાચિત્ મેરુપર્વત જેવડા જ અસંખ્ય પર્વતો મળ્યા હોય તો પણ તે વડે લોભી પુરુષને કાંઇપણ તૃપ્તિ થતી નથી; કારણ કે મનુષ્યની ઇચ્છા આકાશ જેવડી અનંત–અપાર હોય છે. કહ્યું છે કે:—

न सहस्राद्भवेत्तुष्टि–र्न लक्षान्न च कोटितः ।
न राज्यान्नैव देवत्वा–न्नैन्द्रत्वादपि देहिनाम् ॥

અર્થ:—પ્રાણીઓને હજારથી તુષ્ટિ થવાની નથી, લાખથી થતી નથી, કોટિથી થતી નથી, રાજ્ય પ્રાપ્ત થવાથી થતી નથી, દેવપણું પ્રાપ્ત થવાથી થતી નથી, તેમજ ઇન્દ્રપણું પ્રાપ્ત થવાથી પણ તુષ્ટિ થતી નથી.

માટે સમગ્ર પૃથ્વી, સમગ્ર ધાન્ય, તથા સર્વ પશુઓ સહિત તમામ સુવર્ણ–એ સમસ્ત વસ્તુઓ પણ એક જીવની તૃપ્તિ માટે સંપૂર્ણ થતી નથી, એવું સમજીને આત્મ-સંયમ, ઇચ્છાનિરોધરૂપ તપને આચરવો એજ યોગ્ય છે; તેમ કરવાથી નિઃસ્પૃહીપણું પ્રાપ્ત થવાને લીધે ઇચ્છાની પૂર્ણતા થવાનો સંભવ છે. આ પ્રમાણે હોવાથી સંતોષ જ મનુષ્યની આકાંક્ષાને પૂર્ણ કરવામાં સમર્થ છે.

વળી શ્રીમદ્ રાયચંદભાઇ કહે છે કે—

હે જીવ ! ક્યા ઇચ્છત હવે, હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.

ઇચ્છા વગરનું કોઇ પ્રાણી નથી. વિવિધ આશાથી મનુષ્ય પ્રાણી રોકાયેલું છે. ઇચ્છાધિન પ્રાણી જ્યા સુધી અતૃપ્ત છે ત્યાં સુધી તે પ્રાણી અધોગામિન્ છે ઇચ્છાજયવાળું પ્રાણી-સંતોષી પ્રાણી ઊર્ધ્વગામિન્ છે.

ઉપવાસને પણ તપ કહે છે; પરંતુ તે ઉપવાસ વગેરેમાં ઉત્તર-પારણાના દિવસે અને પારણાના દિવસે ભોજન-પાનમાં ગૃદ્ધિ હોવી ન જોઇએ. ઉપવાસ સબંધમાં આચાર્ય મહારાજે કહ્યું છે કે—

कषायविषयाहारो, त्यागो यत्र विधीयते ।
उपवासो स विज्ञेयः, शेषः लंघनकं विदुः ॥

અર્થાત—જેમાં કષાય, વિષય સહિત આહારનો ત્યાગ એજ ઉપવાસ જાણવો; બાકીતો લાંઘણ કહેવાય.

છેવટમાં એટલુંજ કહેવાનું કે—

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી,
તેમ જ જીવસ્વભાવ રે;
તે જિનવીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવરે.

માટે કષાય મંદ કરવાને પ્રયત્ન કરો; શત્રુ અને મિત્ર બન્ને સાથે હૃદયપૂર્વક ક્ષમાવો આનું નામ જ પર્યુષણ-ક્ષમાપના.इति शुभम् ।

ગૃહસ્થાશ્રમ-ધર્મ.

ધર્મચુસ્ત ગૃહાશ્રમીને ત્યાગ અને ભોગમા વિશેષ અંતર ન હોય, વાણી અને વર્તનમા અંતર ન હોય. તેમનું વર્તન-શીલ ઉચ્ચ હોવું જોઇએ તેમજ વ્યવહારમાં પણ તેમની સાચા ધર્મી પુરુષ તરીકે છાપ પડવી જોઇએ.

સુભાષિત-રત્નમંજૂષા.

जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं ।
जं जं कायेण कयं, तस्स मिच्छा मि दुक्कडं ॥

ભાવાર્થ—[મિચ્છા મિ દુક્કડં] મેં જે જે પાપો મન, વચન અને શરીરથી કર્યાં હોય તે સર્વ પાપ સંબંધી મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

મિચ્છા મિ દુક્કડ.

આ ભવ ને ભવોભવમહિં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ-
તે સવિ મિચ્છા મિ દુક્કડં.
જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવી આતમ થશે, તે સવિ મિચ્છા મિ દુક્કડં.

खमिअ खमाविअ मइ खमह, सव्वह जीवनिकाय ।
सिद्धह साख आलोयणह, मुज्जह वइर न भाव ॥१॥
सव्वे जीवा कम्मवस, चउदहराज भमंत ।
ते मे सव्व खमाविआ, मुज्जवि तेह खमंत ॥२॥

ભાવાર્થ—[ખમત-ખામણા] હે જીવગણ ! તમે સર્વ ખમત-ખામણા કરી મારા ઉપર પણ ક્ષમા કરો. કોઈ સાથે મારે વૈરભાવ નથી. હું સર્વ સિદ્ધ ભગવાનોને સાક્ષી રાખી આ આલોચના કરૂં છું.

સર્વ જીવો કર્મ-વશ ચૌદ રાજુ-પ્રમાણ લોકમાં ભ્રમણ કરે છે, તે સર્વને મેં ખમાવ્યા છે, તો તેઓ મારા ઉપર ક્ષમા કરે-મને માફી આપે.

સમાપ્ત.

ગૃહસ્થોની મદદથી મળતાં સસ્તી કિંમતે* પુસ્તકો.